# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી-અમદાવાદ

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

BAOU Education for All

NAAC ACCREDITED A++ GRADE 3.55/4

# જ્ઞાનગંગા

## ન્યૂઝ લેટર





વર્ષ : 19 અંક : 64 જાન્યુઆરી - માર્ચ : 2025

# યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

# કુલપતિશ્રીની કલમે...



'જ્ઞાનગંગા' જાન્યુઆરી-માર્ચ-2025ના આ ત્રિમાસિક અંકમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા હાથ ધરાયેલા શૈક્ષણિક, સામાજિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વૈવિધ્ય અને સતત વહેતી જ્ઞાનધારાનું દર્શન કરતાં હૃદય અત્યંત પ્રસન્નતા અનુભવે છે.

નવા વર્ષના પ્રારંભ સાથે જ 'રોલ ઓફ લાઈબ્રેરી ઈન વિકસિત ભારત@2047', 'ભારતીય ભાષાઓના સંરક્ષણ અને સંવર્ધનમાં પત્રકારત્વનું યોગદાન', 'ઇન્ડિયન નોલેજ સિસ્ટમ ફોર એલિવેટિંગ લર્નિંગ' તથા ICSSRના સંયુક્ત ઉપક્રમે 'સ્ટાર્ટઅપ અને ઈનોવેશન સાથે ઉદ્યોગસાહસિકોને સશક્ત બનાવવા' જેવા રાષ્ટ્રીય કક્ષાના સેમિનાર દ્વારા સંશોધકો અને શિક્ષણવિદોને એક ઉત્તમ મંચ મળ્યું. ગુજરાત સાહિત્ય અકાદમીના સહયોગથી યોજાયેલ 'વાર્તાકાર: સુરેશ જોષી' પરિસંવાદ સાહિત્યિક અભ્યાસની દૃષ્ટિએ સીમાચિહ્નરૂપ રહ્યો.

મહિલા સશક્તીકરણ અને જાગૃતિ એ યુનિવર્સિટીનું હંમેશાં પ્રાથમિક ધ્યેય રહ્યું છે. સમન્વય પ્રતિષ્ઠાન અને ઈન્ડિયા ફાઉન્ડેશનના સહયોગથી યોજાયેલ 'વુમન થિંકર્સ મીટ', 'સેતુ કાર્યક્રમ' અંતર્ગત મહિલા કાયદાઓ અને POSH એક્ટ પર યોજાયેલ કાર્યશાળાઓ, 'રાષ્ટ્રના વિકાસમાં મહિલાઓની ભૂમિકા' પર વિશેષ વ્યાખ્યાન અને 50મા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી એ નારીશક્તિના સન્માન અને ઉત્કર્ષ પ્રત્યેની આપણી પ્રતિબદ્ધતા દર્શાવે છે.

પાલનપુર જેલની મુલાકાત લઈ કેદી ભાઈ-બહેનો માટે મફત શિક્ષણ અને તેમના પુનર્વસન માટેનાં પગલાં લેવામાં આવ્યાં. એટલું જ નહીં, પર્યાવરણ અને સ્વાસ્થ્ય પ્રત્યેની સામાજિક જવાબદારી નિભાવતા યુનિવર્સિટીના પ્રાંગણમાં 'સૃષ્ટિ પ્રાકૃતિક ખેડૂત હાટ'નો શુભારંભ કરાયો, જે ઝેરમુક્ત ખેતપેદાશો પૂરી પાડી લોકસ્વાસ્થ્ય સુધારવાની દિશામાં એક સરાહનીય કદમ છે. આપણા કૉમ્યુનિટી રેડિયો 'Hello BAOU' દ્વારા પોષણ અભિયાન અને વિશ્વ ચકલી દિવસ નિમિત્તે જનજાગૃતિના કાર્યક્રમો પણ સમાજોપયોગી પ્રવૃત્તિઓનું ઉત્તમ ઉદાહરણ છે.

યુવાનોની સુષુપ્ત શક્તિઓને ખીલવવા માટે યુનિવર્સિટી સતત કાર્યરત્ત છે.'તેજતૃષા મહોત્સવ-2025'માં રાજ્યભરમાંથી 889 જેટલા વિદ્યાર્થીઓએ 41 સ્પર્ધાઓમાં ભાગ લઈ પોતાની કલાનું ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું. યુનિવર્સિટીની વિદ્યાર્થિનીઓએ રાષ્ટ્રીય યુવા મહોત્સવ અને 'SOUL લીડરશિપ કૉન્ક્લેવ'માં રાષ્ટ્રીય કક્ષાએ સ્થાન મેળવીને સમગ્ર ગુજરાત અને યુનિવર્સિટીનું ગૌરવ વધાર્યું છે. સ્વામી વિવેકાનંદ જયંતી (રાષ્ટ્રીય યુવા દિવસ), પ્રજાસત્તાક પર્વ, વસંત પંચમી અને વિશ્વ રંગભૂમિ દિવસ નિમિત્તે 'અશ્વત્થામા' નાટકની ભવ્ય પ્રસ્તુતિ જેવા કાર્યક્રમોએ યુનિવર્સિટીના વાતાવરણને જીવંત અને સંસ્કારમય બનાવી રાખ્યું.

હિંદુ આધ્યાત્મિક અને સેવા મેળામાં સહભાગી થઈ 'કન્યા વંદન' કાર્યક્રમમાં જોડાવું, અને 'નાગરિક કર્તવ્ય એવં કુટુંબ પ્રબોધન' જેવાં વ્યાખ્યાનો થકી સમાજમાં મૂલ્યનિષ્ઠ શિક્ષણનો પ્રસાર કરવો, એ જ આપણી ગરિમા છે.

આગામી સમયમાં પણ આપણે સૌ સાથે મળીને શિક્ષણના આ પવિત્ર યજ્ઞમાં આવી જ ઉત્કૃષ્ટ કામગીરી કરતાં રહીશું તેવો મને દૃઢ વિશ્વાસ છે. યુનિવર્સિટીના સર્વે નિયામકશ્રીઓ, શૈક્ષણિક-બિનશૈક્ષણિક કર્મચારીઓ અને વિદ્યાર્થીઓને આ અવિરત જ્ઞાનયાત્રાની સફળતા માટે મારાં હાર્દિક અભિનંદન.

પ્રો. અમી ઉપાધ્યાય
કુલગુરુ,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

# ‘રોલ ઓફ લાઈબ્રેરી ઈન વિકસિત ભારત@2047’ પર રાષ્ટ્રીય સેમિનાર

તારીખ: 04 જાન્યુઆરી 2025

અમદાવાદ: ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (B A O U) ખાતે `રોલ ઓફ લાઈબ્રેરી ઈન વિકસિત ભારત@2047’ વિષય પર રાષ્ટ્રીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું. તા. 4 જાન્યુઆરી, 2025ના રોજ BAOUના વિવેકાનંદ લાઈબ્રેરી અને રાજા રામમોહન રાય લાઈબ્રેરી ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે યુનિવર્સિટીનાં માનનીય કુલપતિશ્રી પ્રો. ડૉ. અમી ઉપાધ્યાયના માર્ગદર્શન અને પ્રેરણા સાથે આ રાષ્ટ્રીય સેમિનાર યોજાયો.

આ સેમિનારમાં સમગ્ર ભારતમાંથી વિષય નિષ્ણાતોએ જુદા જુદા વિષયો ઉપર શોધપત્રો સાથે વિચાર-વિમર્શ કર્યો. વક્તાઓએ વિકસિત ભારતમાં લાઈબ્રેરીની ભૂમિકા શી હોય શકે, જ્ઞાન સંગ્રહની બદલાતી તકનીકો, ડિજિટલ લાઈબ્રેરીનું મહત્ત્વ, પડકારો અને સમાધાન તેમજ માહિતીનું વૈશ્વિકીકરણ અને ઉદારીકરણ જેવા વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કર્યા.






સેમિનારના ઉદ્ઘાટન સત્રમાં માનનીય કુલપતિશ્રી પ્રો. ડૉ. અમી ઉપાધ્યાયે વીડિયો દ્વારા સંબોધન કરતાં કહ્યું કે, ‘ભા’ એટલે ‘પ્રકાશ’ અને ‘રત’ એટલે ‘મગ્ન’ એટલે કે ‘દિવ્ય જ્ઞાનના પ્રકાશમાં રત એટલે ભારત.’ જ્ઞાન પિપાસુઓ જ્ઞાનની શોધ કરે છે, તેથી કેટલાંક વિદેશી અભ્યાસીઓ ભારતમાં જ્ઞાનસાધના અર્થે આવ્યા હોવાના પ્રમાણ છે. તેમણે ઉમેર્યું કે, આજે આપણે જેને વિકસિત રાષ્ટ્રો કહીએ છીએ તેના વિકાસના માપદંડો જોઈએ તો દર વર્ષે કેટલી શોધો થાય છે, દર વર્ષે કેટલા પેટેન્ટ થાય છે, દર વર્ષે કેટલા જ્ઞાનનું સર્જન થાય છે, તે છે. તેથી આપણે 2047 સુધીમાં આપણા દેશને વિકસિત બનાવવો હોય તો આપણે પણ આ બાબતોને ધ્યાનમાં લેવી જોઈએ.

મુખ્ય અતિથિ અને ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટીનાં કુલપતિશ્રી આદરણીય પ્રો. ઉમા કાનજીલાલે પોતાના વક્તવ્યમાં કહ્યું કે, આજના સમયમાં નૉલેજ અને ઈનોવેશનથી જ એમ્પાવર થઈ શકાય. લાઈબ્રેરી એ નૉલેજ નું હબ છે, શીખવા માટેની શ્રેષ્ઠ જગ્યા છે, જ્યાં વિવિધ વિષયોની જાણકારી મળે છે. સાથે તેમણે ઓનલાઈન અને દૂરસ્થ શિક્ષણમાં લાઈબ્રેરી સામેના પડકારો વિશે ચિંતા વ્યક્ત કરી. આ સાથે તેમણે લાઈબ્રેરીની સર્વિસના મહત્ત્વ અને લાઈબ્રેરીયનની ભૂમિકા વિશે વિસ્તારથી વાત કરી.

ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ, દિલ્હી યુનિવર્સિટીના પ્રો. કે.પી. સિંહે પોતાના વિચાર રજૂ કરતા જણાવ્યું કે, આજે સમગ્ર વિશ્વમાં ભારતીય જ્ઞાનપરંપરાનો ડંકો વાગે છે, તેને સંગ્રહ કરવાનું કાર્ય આપણા ગ્રંથાલયોએ કર્યું છે. તેમણે લાઈબ્રેરી અને જીવનમાં પુસ્તક વાંચનનું મહત્ત્વ સમજાવતા એક પંક્તિ કહી હતી – **‘किताबो में झुके हुए सिर किसी और के सामने झूका नहीं करते.’** તેમણે નૉલેજ ઈઝ પાવરના મહત્ત્વ વિશે પણ વાત કરી. પ્રો. યોગેન્દ્ર પારેખે સેમિનારનો





પરિચય અને તેના મહત્ત્વ વિશે વાત કરી.આ તકે એકેડેમિક નિયામક ડૉ. મહેશપ્રસાદ ત્રિવેદીએ સૌ અતિથિઓનો પરિચય કરાવ્યો તથા શાબ્દિક સ્વાગત કરી સ્મૃતિચિહ્ન અને ખેસ સાથે સ્વાગત કર્યું. કાર્યક્રમમાં ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટીના ગુજરાત પ્રાદેશિક કેન્દ્રના નિયામક અને BAOUના સત્તા મંડળના સભ્ય ડૉ. અવની ત્રિવેદી, શ્રી યતિન પટેલ, શ્રી જયેશ પટેલની વિશેષ ઉપસ્થિતિ રહી. તથા બહોળી સંખ્યામાં સંશોધકો, ગ્રંથપાલો, શોધછાત્રો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા. સંશોધકો દ્વારા જુદા જુદા વિષયો ઉપર શોધપત્રો રજૂ કરાયાં. કાર્યક્રમનું આયોજન પ્રો. પ્રિયાંકી વ્યાસ, ડૉ. નિશા જોષી, રોહિતકુમાર પરમાર અને દિવ્યા દરજી દ્વારા કરવામાં આવ્યું. કાર્યક્રમના અંતે સેમિનારના સંયોજક ડૉ. નિશા સુનિલ જોષીએ આયોજનમાં સહયોગ આપનાર પ્રત્યે આભાર વ્યક્ત કર્યો.








**"Viksit Bharat is a nation where no one is too small to dream and no dream is too big to achieve. Everyone, no matter who they are, can aspire to reach heights of success."**

**- Narendra Modi**

# BAOUના પ્રાંગણમાં 'સૃષ્ટિ પ્રાકૃતિક ખેડૂત હાટ'નો પ્રારંભ

**તારીખ: 05 જાન્યુઆરી 2025**

**અમદાવાદ: ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU)માં શહેરની જાણીતી સંસ્થા સૃષ્ટિ ઈનોવેશનના સહયોગથી સૃષ્ટિ પ્રાકૃતિક ખેડૂત હાટનો પ્રારંભ કરવામાં આવ્યો. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનાં માનનીય કુલપતિશ્રી પ્રો. ડો. અમીબેન ઉપાધ્યાયના માર્ગદર્શન હેઠળ યુનિવર્સિટીમાં અનેક પ્રકલ્પો શરૂ કરાયા છે. પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા તરફ પણ યુનિવર્સિટી દ્વારા નવી પહેલ શરૂ કરાઈ, જેના ભાગરૂપે આ શાકભાજી વેચાણકેન્દ્રનો પ્રારંભ યુનિવર્સિટીના પ્રાંગણમાં કરવામાં આવેલ છે.**



**આ વેચાણ કેન્દ્ર 5 જાન્યુઆરીથી દર રવિવારે સવારે 7:00થી 10:00 દરમિયાન (3 કલાક) શરૂ રહેશે. વેરિફાઈડ ખેડૂતોને પ્રાકૃતિક શાકભાજી અને ખેતપેદાશો વેચવા માટે અહીં તક મળશે. આ પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો સીધા ગ્રાહકોને પોતાની પેદાશોનું વેચાણ કરશે, જેનો લાભ હવે શહેરીજનોને મળશે.**

**અત્રે ઉલ્લેખનીય છે કે અમદાવાદમાં નવજીવન પ્રેસ, સોલા ભાગવત વિદ્યાપીઠ પરિસરમાં, આત્મ વિકાસ-પલોડિયા અને સૃષ્ટિ સંસ્થા; એમ કુલ 4 સ્થળે દર રવિવારે સવારે 3 કલાક સૃષ્ટિ પ્રાકૃતિક ખેડૂત હાટ યોજાય છે. હવે આ 5મા સ્થળે શહેરમાં શાકભાજી ખરીદવા માટે ગ્રાહકોને સુવિધા થઈ. સૃષ્ટિ સંસ્થા છેલ્લા 35 વર્ષથી ટકાઉ ખેતી, પરંપરાગત જ્ઞાન અને રૂરલ ઈનોવેશનના કામ સાથે સંલગ્ન છે. આ સંસ્થા ખેડૂતોના ખેતરનું 40 ઈન્ડિકેટરથી ફાર્મ વેરિફિકેશન કરીને ઝેરમુક્ત ખેતી કરતા ખેડૂતોની પસંદગી કરે છે. હાલ અમદાવાદમાં 4 સ્થળે જે ખેડૂત હાટ ભરાય છે, તેમાં દર રવિવારે લગભગ 10 લાખ રૂપિયાની પ્રાકૃતિક ખેત પેદાશોનું ખેડૂતો દ્વારા વેચાણ થાય છે. હવે છારોડી સ્થિત ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના પરિસરમાં પણ હાટ શરૂ થતાં, આસપાસના વિસ્તારની સોસાયટીઓના રહીશોને પણ ઘર આંગણે પ્રાકૃતિક શાકભાજી, ખેત-પેદાશો ખેડૂતો પાસેથી સહજતાથી ઉપલબ્ધ થશે.**





સૃષ્ટિ સંસ્થા સમગ્ર ખેડૂત હાટનું સંયોજનનું કામ કરે છે. દર શનિવારે પેદાશનું નામ અને ભાવ Whatsappના માધ્યમથી ગ્રાહકોના ગ્રૂપમાં મોકલાય છે. સંપૂર્ણ પારદર્શી રીતે આખી વ્યવસ્થા ગોઠવાઈ છે. દેશમાં પ્રાકૃતિક ખેતીના વિકાસ માટે સરકાર અથાગ પ્રયત્નો કરી રહી છે ત્યારે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીએ પણ પોતાના પ્રાંગણમાં દર રવિવારે પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો માટે દ્વાર ખુલ્લાં મૂક્યાં. આ પહેલથી ખેડૂતોને તો ફાયદો થશે જ, પણ સ્થાનિક જે ગ્રાહકો આ શાકભાજી ખરીદશે અને આરોગશે, એમનું સ્વાસ્થ્ય પણ સુધરશે. આપણા સ્વાસ્થ્યનો આધાર તો આહાર જ છે, અને એ આહાર જો પ્રાકૃતિક હોય, ઝેરમુક્ત હોય, ઓર્ગેનિક હોય તો ચોક્કસ સ્વાસ્થ્ય સારું રહેશે. ખેડૂત હાટના ખેડૂતોની પસંદગી સૃષ્ટિ સંસ્થા કરે છે, જેમાં ફાર્મ વેરિફિકેશન અને સંપૂર્ણ વૈજ્ઞાનિક અભિગમ સાથે કામ કરવામાં આવે છે. ટૂંકમાં પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો અને જાગૃત ગ્રાહકોને એક મંચ પૂરો પાડવાનું કામ સૃષ્ટિ સંસ્થા કરે છે. હવે લોકહિતના આ કામમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી પણ જોડાઈ.

આ પ્રસંગના પ્રારંભે યુનિવર્સિટીનાં કુલપતિશ્રી માનનીય પ્રો. અમીબેન ઉપાધ્યાય તેમજ યુનિવર્સિટીના નિયામકશ્રીઓ, કર્મચારીઓ અને બહોળી સંખ્યામાં નગરવાસીઓ જોડાયા. યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ પણ હર્બલ અને ઈકો ફ્રેન્ડલી કોઈ નવીન ઉત્પાદનો બનાવશે તો તેઓને પણ અહીં એક વેચાણ માટે પ્લેટફોર્મ મળવાની શક્યતા છે. ખેડૂતો અને ગ્રાહકો બંને પાસેથી વિદ્યાર્થીઓને શીખવાની તક મળશે. આ અભિગમને શૈક્ષણિક સ્વરૂપ આપવા યુનિવર્સિટી કટિબદ્ધ છે.

પ્રોફેસર અનિલ કે. ગુપ્તા, આઈઆઈએમ અમદાવાદના નિવૃત્ત પ્રોફેસર તથા વર્તમાનમાં આઈઆઈએમ અમદાવાદ આઈઆઈટી બોમ્બેના મુલાકાતી પ્રોફેસર અને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ચિંતનશીલ સંશોધક છે. તેઓ ગ્રામીણ સર્જનાત્મકતાને પ્રોત્સાહન આપવા અને ટૅક્નૉલૉજી તથા કૉમ્યુનિટીના ટકાઉ વિકાસ માટે અવિરતપણે કાર્યરત્ત છે. પ્રાકૃતિક ખેત પ્રકલ્પ અને ખેડૂત હાટની પ્રેરણામાં તેમનું મહત્ત્વનું યોગદાન છે. યુનિવર્સિટી ખાતે પ્રાકૃતિક ખેડૂત હાટની મુલાકાત બાદ પ્રોફેસર અનિલ ગુપ્તાએ જણાવ્યું કે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી પ્રકૃતિને અનુકૂળ અને ખેતરોને સમૃદ્ધ બનાવવાના દિશામાં એક મજબૂત પગલું લઈ રહી છે.



# BAOUના અમદાવાદ કેન્દ્ર ખાતે નવા વિદ્યાર્થીઓ માટે અભિમુખતા બેઠક

તારીખ: 06 જાન્યુઆરી 2025

અમદાવાદ: ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU)ના પ્રાદેશિક કેન્દ્ર, અમદાવાદ ખાતે Aug-2024 શૈક્ષણિક સત્રમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે તા. 06/01/2025 સોમવારના રોજ સવારે 11:00 કલાકે અભિમુખતા બેઠકનું આયોજન કરવામાં આવ્યું. યુનિવર્સિટીનાં માનનીય કુલપતિશ્રી પ્રો. અમી ઉપાધ્યાયની પ્રેરણા અને માર્ગદર્શનથી આ બેઠક યુનિવર્સિટીના ગૌતમ સભાગૃહમાં યોજાઈ. માનનીય કુલપતિશ્રી પ્રો. અમી ઉપાધ્યાયની અધ્યક્ષતા અને પ્રાદેશિક કેન્દ્રોના નિયામક ડૉ. હિમાંશુ પટેલની હાજરીમાં યોજાયેલા આ કાર્યક્રમમાં વિશાળ સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા.

પ્રાસંગિક વક્તવ્યમાં માનનીય કુલપતિશ્રી પ્રો. અમી ઉપાધ્યાયજીએ દૂરવર્તી શિક્ષણના હાર્દને સમજાવતાં વર્તમાન સમયમાં BAOUની ભૂમિકા અને વિવિધ પ્રવૃત્તિઓની જાણકારી આપી. સાથે જ તેમણે યુનિવર્સિટીની અવિરત સક્રિય વિકાસ અને પરિણામલક્ષી કામગીરીની વાત કરી.

બેઠક દરમિયાન ડૉ. દિપ્તીબા ગોહેલ, ડૉ. સંજય પટેલ, ડૉ. નિગમ પંડયા, ડૉ. વિનોદ માજીરાણા અને શ્રી અભિષેક પંડ્યાએ અનુક્રમે પ્રવેશ, પરીક્ષા, એસાઇનમેન્ટ, અભ્યાસસામગ્રી, સ્કોલરશીપ, વિદ્યાર્થી સહાય સેવાઓ, વેબસાઈટ અને ઓનલાઈન પ્રવેશ માટેના અગત્યના મુદ્દાઓની વાત PPT તથા વેબસાઈટ દ્વારા અસરકારક રીતે રજૂ કરી.

દરેક રજૂઆત દરમિયાન વિદ્યાર્થીઓએ જિજ્ઞાસાપૂર્વક પ્રશ્નો પૂછ્યા. પ્રશ્નોના જવાબો સંબંધિત વિભાગ દ્વારા સંતોષકારક રીતે આપવામાં આવ્યા. વિદ્યાર્થીઓના સદ્ભાવપૂર્ણ પ્રતિસાદ અને સક્રિયતાથી બેઠક જીવંત રહી. પ્રાદેશિક કેન્દ્ર-અમદાવાદના મદદનીશ નિયામક શ્રી વિજય સિંહ ભદૌરિયાએ બેઠકનું સંચાલન કર્યું અને અંતે પ્રાદેશિક કેન્દ્ર-અમદાવાદના મદદનીશ નિયામક ડૉ. મોનીકાબેન ગુપ્તાએ વિભાગીય વડાંઓ અને વિદ્યાર્થીઓનો આભાર વ્યક્ત કર્યો. Team BAOUના સહિયારા પ્રયાસોથી કાર્યક્રમ સફળ રહ્યો. કાર્યક્રમ પછી વિદ્યાર્થીઓ અલ્પાહાર અને વિવિધ અભ્યાસક્રમોની અભ્યાસ સામગ્રી તથા મૂલ્યવાન માર્ગદર્શન લઈને છૂટા પડ્યા.












# ‘રાષ્ટ્રીય યુવા દિવસ’ની ઉજવણી

તારીખ: 12 જાન્યુઆરી 2025

અમદાવાદ: સ્વામી વિવેકાનંદજીના જન્મદિન (જે રાષ્ટ્રીય યુવા દિવસ તરીકે પણ ઉજવાય છે.) નિમિત્તે તા. 12 જાન્યુઆરી, 2025ના રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. માનનીય કુલપતિશ્રી પ્રો. અમી ઉપાધ્યાયજી મેડમના માર્ગદર્શનમાં એક્સ્ટેન્શન એક્ટિવિટી સેલ, ગ્રંથાલય વિભાગ અને પરફોર્મિંગ આર્ટ્સના દિગીશભાઈ વ્યાસના સહયોગથી યુનિવર્સિટીની `વિવેકાનંદ લાયબ્રેરી'માં પુષ્પાંજલિ અને પુસ્તક પ્રદર્શનના કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમાં કુલસચિવશ્રી ડૉ. એ. કે. જાડેજા, મદદનીશ કુલસચિવશ્રી ડૉ. ભાવિન ત્રિવેદી તેમજ તમામ નિયામકશ્રીઓ, શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક સ્ટાફ ઉપસ્થિત રહ્યા.

કાર્યક્રમ અંતર્ગત કુલસચિવશ્રી અને પ્રો. ડૉ. યોગેન્દ્ર પારેખ, પ્રા. દિગીશ વ્યાસ, ડૉ. દીપ્તિબા ગોહિલ, ડૉ. કૃતિ છાયા તથા ડૉ. નીતુ કનારા દ્વારા સ્વામી વિવેકાનંદ વિશે પ્રાસંગિક અને સંક્ષિપ્ત વક્તવ્ય આપવામાં આવ્યાં. ત્યારબાદ વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરાયું, જેમાં વિદ્યાર્થીઓ જોડાયા હતા. ડૉ. કૃતિ છાયા અને ડૉ.નિગમ પંડ્યા દ્વારા સ્પર્ધામાં નિર્ણાયક તરીકેની સેવા અપાઈ. વક્તૃત્વ સ્પર્ધામાં વિજેતા વિદ્યાર્થીઓ કેયુર રાવલ, નવધા જોશી અને અનીશા ઝાલાનું પુસ્તક ભેટ આપીને સન્માન કરવામાં આવ્યું. કાર્યક્રમનું સંચાલન ડૉ. નીતુ કનારા દ્વારા કરવામાં આવ્યું.

“ લોકો કહે છે કે
આમાં વિશ્વાસ કરો,
તે માનો...
હું કહું છું કે તમારામાં વિશ્વાસ રાખો,
બધી શક્તિ તમારી અંદર છે,
તે તમારી સાથે છે.


- સ્વામી વિવેકાનંદ ”

# સમન્વય પ્રતિષ્ઠાન અને ઈન્ડિયા ફાઉન્ડેશનના સહયોગથી 'વુમન થીંકર્સ મીટ'

તારીખ: 11 જાન્યુઆરી 2025

અમદાવાદ: ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ ખાતે સમન્વય પ્રતિષ્ઠાન અને ઈન્ડિયા ફાઉન્ડેશનના સહયોગથી ગુજરાતમાં પહેલી વુમન થીંકર્સ મીટનો પ્રારંભ થયો. આ બે દિવસીય કાર્યક્રમમાં રાજ્યની 130થી વધુ મહિલાઓ સહભાગી થયાં.






આ કાર્યક્રમના ઉદ્ઘાટન સમારોહમાં ઈન્ડિયા ફાઉન્ડેશનનાં અધ્યક્ષ ડૉ. રામ માધવજી, ડૉ. બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટીનાં માનનીય કુલપતિશ્રી પ્રો. અમીબેન ઉપાધ્યાય અને સમન્વય પ્રતિષ્ઠાનના કન્વીનર ડૉ. જીગર ઈનામદાર ઉપસ્થિત રહ્યાં.





બે દિવસની આ થીંકર્સ મીટમાં વિવિધ વિષયો ઉપર વક્તવ્યો, પેનલ ડિસ્કશન અને મોક પાર્લામેન્ટનું આયોજન થયું, જેમાં વિવિધ ક્ષેત્રના મહિલાઓ ઉપસ્થિત રહી. `સ્ત્રી શક્તિ : ભારત અને વિશ્વનો ઈતિહાસ', `પરંપરા, માન્યતા, તર્ક અને વિજ્ઞાન', Feminism & Feminazi, અને Indian Feminism સહિતના વિષય પર પેનલ ડિસ્કશન, ચર્ચા અને ચિંતન કરે તે પ્રકારે કાર્યક્રમ આયોજિત થયો.

# ‘વુમન થીંકર્સ મીટ’નું સમાપન

તારીખ: 13 જાન્યુઆરી 2025

અમદાવાદ: ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU), અમદાવાદ ખાતે સમન્વય પ્રતિષ્ઠાન અને ઈન્ડિયા ફાઉન્ડેશનના સહયોગથી ગુજરાતમાં પહેલી વુમન થીંકર્સ મીટનો સમાપન સમારોહ યોજાયો. યુનિવર્સિટીના ગૌતમ હોલ ખાતે યોજાયેલા આ સમારોહમાં ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી ઉપસ્થિત રહ્યા.

બે દિવસીય આ થીંકર્સ મીટમાં ઈન્ડિયા ફાઉન્ડેશનના અધ્યક્ષ શ્રી રામ માધવજી, ડૉ. બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટીનાં માનનીય કુલપતિશ્રી પ્રો. અમીબેન ઉપાધ્યાય, વડોદરાના સાંસદ ડૉ. હેમાંગ જોષી તેમજ આ કાર્યક્રમના સ્વપ્નદૃષ્ટા એવા ડૉ. જીગર ઈનામદાર દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું. રાજ્યની 130થી વધુ મહિલાઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો.

આ બે દિવસ દરમિયાન વિવિધ વિષયો ઉપર વક્તવ્યો, પેનલ ડિસ્કશન અને મોક પાર્લામેન્ટ યોજવામાં આવી, જેમાં અલગ અલગ ક્ષેત્રની મહિલાઓ ઉપસ્થિત રહી. સ્ત્રી શક્તિ: ભારત અને વિશ્વનો ઈતિહાસ, `પરંપરા, માન્યતા, તર્ક અને વિજ્ઞાન', Feminism & Feminazi, Indian Feminism સહિતના વિષયો પર પેનલ ડિસકસન અને ચર્ચા કરવામાં આવી. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનાં માનનીય કુલપતિશ્રી પ્રો. અમીબેન ઉપાધ્યાય તેમજ વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીની અધ્યક્ષતામાં આ કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું.







# સ્વામી વિવેકાનંદ જયંતી ઉજવણી

તારીખ: 13 જાન્યુઆરી 2025

અમદાવાદ: ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી(BAOU), અમદાવાદ ખાતે માનનીય કુલપતિશ્રી પ્રો. અમી ઉપાધ્યાયના માર્ગદર્શન હેઠળ સ્વામી વિવેકાનંદની 162મી જન્મજયંતી નિમિત્તે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. યુનિવર્સિટીના ગૌતમ હોલમાં `રાષ્ટ્રનિર્માણમાં યુવાનોની ભૂમિકા' વિષય પર વિવેકાનંદ કેન્દ્ર કન્યાકુમારીના પ્રાંત સંચાલક ડૉ. કમલેશ ઉપાધ્યાયજીના વ્યાખ્યાનનું આયોજન કરાયું.





વ્યાખ્યાન સંબોધતા ડૉ. કમલેશ ઉપાધ્યાયજીએ `રાષ્ટ્રનિર્માણમાં યુવાનોની ભૂમિકા' વિશે પોતાના વિચારો રજૂ કર્યા. તેમણે આધુનિક ભારતમાં સ્વામી વિવેકાનંદજીના વિચારો કઈ રીતે આજના ભાગદોડ ભરેલા જીવનમાં ઉપયોગી થઈ શકે તેની સરળ સમજુતી આપી.

માનનીય કુલપતિશ્રી પ્રો. અમી ઉપાધ્યાયએ જણાવ્યું કે, વિવેકાનંદ હોય ત્યાં આપણે બધા શૂન્ય થઈ જઈએ છીએ, જેથી સમાજમાં વિવેકાનંદજી હોવા જરૂરી છે. તેમણે ઉમેર્યું કે વિવેકાનંદજીના વિચારોને પોતાના જીવનમાં ઉતારીને સમાજના વિકાસમાં યોગદાન આપી શકાય છે. તેમણે આધુનિક ભારતમાં યુવાનોની ભૂમિકા વિશે તેમજ સ્ત્રીશક્તિકરણ વિશેના વિવેકાનંદજીના વિચારો પ્રગટ કર્યા. સાથે જ તેમણે વીર સાવરકર અને મદનલાલ ધિંગરાની દેશભક્તિની યાદ અપાવી અને ભારતીય સંસ્કૃતિ વિશે પોતાના વિચારો રજૂ કર્યા.

આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના રજિસ્ટ્રારશ્રી એ. કે. જાડેજા, આસિસ્ટન્ટ રજિસ્ટ્રારશ્રી ભાવિન ત્રિવેદી તેમજ તમામ વિભાગના નિયામકશ્રીઓ, પ્રોફેસર્સ અને તમામ સ્ટાફ ઉપસ્થિત રહ્યો.




યુનિવર્સિટીમાં પબ્લિક રિલેશન ઓફિસર તરીકે ફરજ બજાવતા શ્રી રાજેશ ભજગોતરને ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા `મહાત્મા ફૂલે શ્રેષ્ઠ પત્રકાર' એવોર્ડ મળતા યુનિવર્સિટીનાં માનનીય કુલપતિશ્રી દ્વારા સન્માનિત કરવામાં આવ્યા. આ કાર્યક્રમનું સંચાલન ડૉ. દિગીશ વ્યાસ દ્વારા કરાયું અને આભારવિધિ ડૉ. નીતુ કનારાએ કરી.

# ‘હિન્દુ આધ્યાત્મિક અને સેવા મેળો’માં BAOUની સહભાગીતા

તારીખ: 24 જાન્યુઆરી 2025

અમદાવાદ: અમદાવાદ ખાતે તા. 23થી 26 જાન્યુઆરી, 2025 સુધી યોજાયેલ ‘હિન્દુ આધ્યાત્મિક અને સેવા મેળો’માં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU) પણ સહભાગી થઈ. યુનિવર્સિટી દ્વારા ગુજરાત યુનિવર્સિટી મેદાન, અમદાવાદ ખાતે સ્ટોલ નંબર 171 પર મુલાકાતીઓ માટે માહિતી ઉપલબ્ધ કરાવાઈ.

યુનિવર્સિટીએ આ હિન્દુ આધ્યાત્મિક અને સેવા મેળાની મુલાકાત લઈ અને રાષ્ટ્રસેવામાં સહભાગી થવા માટે સૌને આમંત્રણ પાઠવ્યું.










## હિન્દુ આધ્યાત્મિક અને સેવા મેળામાં ‘કન્યા વંદન’
## 1271 કન્યાઓનું શાસ્ત્રોક્ત વિધિથી પૂજન કરાયું

અમદાવાદ: હિન્દુ આધ્યાત્મિક અને સેવા મેળા (HSSF)ના ત્રીજા દિવસનું મુખ્ય આકર્ષણ કન્યા વંદન કાર્યક્રમ રહ્યું. કાર્યક્રમમાં પ. પૂ. મહામંડલેશ્વર કૃષ્ણમણી મહારાજ (જામનગર), ડૉ. વાગેશકુમારજી (કાંકરોલી), સુશ્રી ભાનુબેન બાબરીયા (રાજ્યકક્ષા મંત્રી, મહિલા અને બાળકલ્યાણ મંત્રાલય) તથા પ્રો. અમી ઉપાધ્યાય (કુલપતિ, ડૉ. આંબેડકર યુનિવર્સિટી)ની પ્રેરક ઉપસ્થિતિ રહી.

`યા દેવી સર્વભૂતેષુ શક્તિરૂપેણ સંસ્થિતા...' શ્લોક સાથે કન્યાપૂજનની શરૂઆત કરવામાં આવી. આમંત્રિત મહેમાનો દ્વારા મંચ પર દિવ્યાંગ કન્યાઓ સહિત અમદાવાદની વિવિધ સંસ્થાઓમાંથી આવેલી કુલ 1271 કન્યાઓનું પૂર્ણ શાસ્ત્રોક્ત વિધિથી પૂજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં ઉપસ્થિત લોકો પાસે માતા-પિતા અને ગુરુઓનું સન્માન, પર્યાવરણની જાળવણી, પશુ-પક્ષીઓના રક્ષણ અને જાળવણી માટે સંકલ્પ લેવડાવવામાં આવ્યો હતો.

# કેદીઓના પુનર્વસન માટે કટિબદ્ધ BAOU: પાલનપુર જેલમાં મફત શિક્ષણ માટે પ્રવેશ

**તારીખ: 25 જાન્યુઆરી 2025**

**અમદાવાદ: ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU)નાં મહત્ત્વનાં કેન્દ્રોમાં ગુજરાતની તમામ જેલનો સમાવેશ થાય છે. જેલના કેદીઓ પોતાની સજાના સમયમાં આત્મચિંતન કરીને આ સમયનો સદ્-ઉપયોગ કરીને પોતાના જીવનને સાચી દિશામાં લઈ જાય તે માટે BAOU જેલના કેદીઓને મફત શિક્ષણ પૂરું પાડે છે.**

**માનનીય કુલપતિશ્રી પ્રો. અમી ઉપાધ્યાયના માર્ગદર્શનથી યુનિવર્સિટીના પ્રતિનિધિ ડૉ. સોનલ ચૌધરી, ડૉ. કિંજલ પટેલ, શ્રી સંદીપ પટણી અને શ્રી તેજમલજી ઠાકોર દ્વારા પાલનપુર જિલ્લા જેલની મુલાકાત લેવામાં આવી.**

**પાલનપુર જેલના સુપરિન્ટેન્ડેન્ટ તથા કેન્દ્રના સંયોજક શ્રી વિરેન્દ્રસિંહ ગોહિલ અને યુનિવર્સિટીના પ્રતિનિધિ દ્વારા જેલના 440 કેદી ભાઈ-બહેનને યુનિવર્સિટીના વિવિધ કોર્સ વિશે માહિતી આપવામાં આવી. સુપરિન્ટેન્ડેન્ટશ્રી વિરેન્દ્રસિંહ ગોહિલ અને તેમની ટીમ તથા યુનિવર્સિટીના પ્રતિનિધિઓ દ્વારા રસ ધરાવતા કેદી ભાઈ-બહેનોની ત્વરિત પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવી. જેલના સુપરિન્ટેન્ડેન્ટ અને તેમની ટીમના સહયોગથી આ સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો.**











## BAOU में उत्साह के साथ मनाया गया 76 वां गणतंत्र दिवस, संविधान निर्माता डॉ. आंबेडकर को अर्पित की पुष्पांजलि

**दिनांक: 26 जनवरी 2025**

डॉ. बाबासाहेब आंबेडकर ओपन यूनिवर्सिटी (BAOU) में आज गणतंत्र दिवस बड़े ही हर्षोल्लास और उत्साह के साथ मनाया गया। 26 जनवरी, यानी गणतंत्र दिवस, वह ऐतिहासिक दिन है जब हमारे देश का संविधान लागू हुआ था, जिसने भारत को एक प्रजासत्ताक राष्ट्र बनाया। स्वतंत्रता हर भारतीय का मौलिक अधिकार है, और इसी भावना को सलाम करने के लिए यह दिन बड़े जोश और गर्व के साथ मनाया गया।

आज के आयोजन में डॉ. बाबासाहेब आंबेडकर ओपन यूनिवर्सिटी में देश की शान तिरंगे को सलामी दी गई। ध्वजारोहण से पहले, संविधान निर्माता डॉ. बाबासाहेब आंबेडकर की प्रतिमा को पुष्पांजलि अर्पित कर उनकी महान विरासत को नमन किया गया।

कार्यक्रम में यूनिवर्सिटी के कर्मचारियों ने अपने विचार साझा किए और सामाजिक न्याय, नागरिक धर्म, सांस्कृतिक धरोहर के संरक्षण, तथा राष्ट्र के विकास जैसे विषयों पर गहन अभिव्यक्ति प्रस्तुत की। गीत-संगीत और सांस्कृतिक प्रस्तुतियों ने माहौल को और भी जीवंत बना दिया।

इस अवसर पर माननीय कुलपति प्रो. (डॉ.) अमी उपाध्याय जी ने अपने प्रेरक शब्दों में कहा, ‘जिस प्रकार राष्ट्र हमारे लिए सर्वोपरि है, उसी प्रकार हमें अपनी संस्था को भी सर्वोपरि मानकर इसके विकास के लिए कार्य करना चाहिए।’ उन्होंने डॉ. बाबासाहेब आंबेडकर जी के योगदान को याद करते हुए कहा कि उनके विचार और प्रयास हमारे लिए प्रेरणास्रोत हैं। उन्होंने सभी कर्मचारियों का आभार प्रकट करते हुए कहा कि उनके समर्पण और योगदान ने इस यूनिवर्सिटी को राष्ट्रीय स्तर पर ख्याति प्राप्त की है। साथ ही उन्होंने अपील की कि सभी मिलकर इसे विश्व स्तर पर भी पहचान दिलाएँ।

# કૉમ્યુનિટી રેડિયો 'Hello BAOU' દ્વારા લીલાપુર અને રાહપુર ગામમાં પોષણ અભિયાન 'શ્રી અન્ન' (મિલેટ્સ)નું મહત્ત્વ સમજાવી સ્વસ્થ સમાજ-નિર્માણનો સંદેશ આપ્યો

તારીખ: 28 જાન્યુઆરી 2025

અમદાવાદ: ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના માનનીય કુલગુરુ આદરણીય પ્રો. અમી ઉપાધ્યાય શિક્ષણની સાથે સાથે સમાજોપયોગી પ્રવૃત્તિનાં પણ પ્રણેતા રહ્યા છે. ભારત સરકાર દ્વારા આરંભ કરાયેલા પોષણ અભિયાનના સંદર્ભમાં યુનિવર્સિટીના કૉમ્યુનિટી રેડિયો `Hello BAOU' 90.0 FM દ્વારા તા. 8 જાન્યુઆરી 2025ના રોજ `લીલાપુર' અને `રાહપુર' ગામની આંગણવાડીની મુલાકાત કરવામાં આવી.

આ મુલાકાત દરમિયાન સુપરવાઈઝર સુશ્રી ઉમાબેન મહેતાએ પોષણયુક્ત આહારના મહત્ત્વ અંગે આંગણવાડીની ધાત્રી અને સગર્ભા માતાઓ તેમજ શાળાની કિશોરીઓને જાણકારી આપી. તેમણે એમ પણ જણાવ્યું કે, સ્ત્રી જો સ્વસ્થ બાળકને જન્મ આપે તો સ્વસ્થ સમાજનું નિર્માણ થઈ શકે.

આંગણવાડીનાં કાર્યકર બહેન સુશ્રી હસુમતી બહેન આચાર્યએ પોષણ અભિયાનની થીમ `શ્રી અન્ન' એટલે કે `મિલેટ્સ'માંથી વિવિધ પ્રકારની સ્વાદિષ્ટ વાનગીઓ કેવી રીતે બનાવી શકાય તે અંગે નિદર્શન કર્યું. તેમણે માતાઓને પણ ખાસ અનુરોધ કર્યો કે તેઓ વિવિધ પ્રકારના `મિલેટ્સ'માંથી વાનગીઓ બનાવી બાળકોને ખવડાવશે તો બાળકોને પૂરતું પોષણ મળી રહે. વિવિધ `મિલેટ્સ'માંથી બનાવેલી સ્વાદિષ્ટ વાનગીઓ ત્યાં ઉપસ્થિત કિશોરીઓ અને બહેનોએ ખૂબ જ આનંદપૂર્વક આરોગી.

આંગણવાડીના અન્ય કાર્યકર સુશ્રી પારુલ બહેન બારોટે આંગણવાડીમાં ધાત્રી અને સગર્ભા માતાઓ તેમજ કિશોરીઓ માટે આપવામાં આવતા વિવિધ પ્રકારના આહાર અંગેની વિસ્તૃત જાણકારી આપી. ધાત્રી માતા, સગર્ભા માતા અને કિશોરીઓએ આ અંગે પોતાના પ્રતિભાવો વ્યક્ત કર્યા. આ સમગ્ર કાર્યક્રમનું `Hello BAOU' 90.0 FM દ્વારા પ્રસારણ અર્થે ધ્વનિમુદ્રણ કરવામાં આવ્યું.





# BAOU અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે 'વાર્તાકાર: સુરેશ જોષી' વિષયક રાજ્ય સ્તરીય પરિસંવાદ યોજાયો

તારીખ: 29 જાન્યુઆરી 2025

અમદાવાદ: ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU) અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે કુલપતિશ્રી પ્રો. અમી ઉપાધ્યાયની અધ્યક્ષતામાં `સુરેશ જોષી ચેર' અંતર્ગત "વાર્તાકાર : સુરેશ જોષી" વિષયક રાજ્ય સ્તરીય પરિસંવાદનું આયોજન થયું.

ઉદ્ઘાટન બેઠકમાં પ્રો. અમી ઉપાધ્યાયે સુરેશ જોષીની વાર્તા વિભાવના અને પ્રયોગશીલતા વિશે વિષદ વક્તવ્ય આપ્યું. તેમણે આધુનિક ગુજરાતી સાહિત્યના યુગપ્રવર્તક સુરેશ જોષી વિશે યુનિવર્સિટી કક્ષાએ વધુમાં વધુ અભ્યાસ થવો જોઈએ, તે ભૂમિકાએ સુરેશ જોષી વિશે 'સ્વયં પોર્ટલ' પર અભ્યાસક્રમ શરૂ કરવાની પ્રેરણા આપી.

મુખ્ય વક્તા ડૉ. ગુણવંત વ્યાસે વાર્તાકાર સુરેશ જોષી વિશે અભ્યાસપૂર્ણ વક્તવ્ય આપ્યું. તેમણે પ્રયોગશીલ વાર્તાકાર તરીકે સુરેશ જોષીની લાક્ષણિકતાઓનો સુપેરે પરિચય કરાવ્યો અને તેમની વાર્તાવિભાવના સાથે રસપ્રદ ચર્ચા કરી. પ્રારંભે સુરેશ જોષી ચેરના સંયોજક ડૉ. યોગેન્દ્ર પારેખે વક્તા-પરિચય અને પરિસંવાદની ભૂમિકા રચી આપી.

વાર્તા-આસ્વાદ બેઠકમાં ડૉ. દીપક ભટ્ટ, ડૉ. પૂર્વી ઓઝા, ડૉ. નવનીત જાની, ડૉ. પન્ના ત્રિવેદી તથા ડૉ. યોગેન્દ્ર પારેખે સુરેશ જોષીની વિવિધ વાર્તાઓનો આસ્વાદ રજૂ કર્યો. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના શૈક્ષણિક કર્મચારીઓ દ્વારા સુરેશ જોષીની `થીગડું' વાર્તાનું વાચિકમ્ અસરકારક રીતે રજૂ થયું. આ 'વાચિકમ્'માં ડૉ. યોગેન્દ્ર પારેખ, ડૉ. નિગમ પંડ્યા, પ્રા. દિગીશ વ્યાસ, ડૉ. જાગૃતિ મહેતા, ડૉ. અરુણા મકવાણા, ડૉ. નીતુ કનારા તથા પ્રા. વિવેક સાખીએ વિવિધ પાત્રોની ભૂમિકા ભજવી હતી.

યુવા અને અભ્યાસી વાર્તા-સમીક્ષક ડૉ. વીરેન્દ્ર પંડ્યાએ વાર્તા-વિવેચનમાં નોંધપાત્ર પ્રદાન કર્યું છે તે ધ્યાને લઈ યુનિવર્સિટીનાં કુલગુરુ દ્વારા તેમનું સન્માન કરવામાં આવ્યું.

શોધપત્ર પ્રસ્તુતિના દ્વિતીય સત્રમાં શોધપત્ર બેઠકની અધ્યક્ષતા ડૉ. જિતેન્દ્ર મેકવાન, ડૉ. એ. એ. શેખ અને ડૉ. બળદેવ પ્રજાપતિ દ્વારા કરવામાં આવી. વિવિધ કૉલેજ-યુનિવર્સિટીના સહભાગી શોધાર્થીઓ તથા વિદ્યાર્થીઓએ વાર્તાકાર સુરેશ જોષી વિષયક શોધપત્રો તથા આસ્વાદ લેખ રજૂ કર્યા.

સમાપન બેઠકમાં ડૉ. જિતેન્દ્ર મેકવાન તથા ડૉ. એ. એ. શેખે પરિસંવાદના સુચારુ આયોજન અને શોધપત્રોની વિવિધતા અંગે પ્રસન્નતાની લાગણી વ્યક્ત કરી. વિવિધ બેઠકોનું સંચાલન અને આભારદર્શન અનુક્રમે ડૉ. જાગૃતિ જે. મહેતા, ડૉ. અરુણા મકવાણા, ડૉ. નીતુ કનારા અને ડૉ. કરણસિંહ પરમાર દ્વારા કરવામાં આવ્યું. પરિસંવાદની સફળતા માટે યુનિવર્સિટી પરિવારમાં સભરતાની લાગણી પ્રસરી રહી.






## BAOU Successfully Conducts Extensive Samarth ERP Training for Staff

Date: 31 January 2025

Ahmedabad: The Dr. Babasaheb Ambedkar Open University (BAOU) successfully held an extensive training session on the Samarth ERP (Enterprise Resource Planning) system, marking a significant step toward digital transformation in higher education. Under the mentorship of the Hon'ble Vice Chancellor, Prof. Ami Upadhyay, the BAOU Samarth Team conducted the training for the Directors, Teaching, and Non-Teaching Staff.

The session focused on the implementation of several core Samarth ERP components, including the Users Module, HR Module, Payroll Module, and Programme Module.

Key highlights of the successful training included:

Hands-on training on seamless ERP integration.

Enhancing efficiency in HR, payroll, and programme management.

Strengthening digital transformation across the university's operations.

This initiative is a major step in ensuring smooth ERP adoption and empowering the staff with the necessary skills for effective system implementation. The university extended a sincere thank you to all participants and the BAOU Samarth Team for their dedication and efforts in making the session a success.





# કાયદાકીય સમર્થન થકી મહિલા સશક્તિકરણ : કાર્યશાળા

તારીખ: 01 ફેબ્રુઆરી 2025

અમદાવાદ: મહિલાઓ માટે સરકારી યોજનાઓ અને કલ્યાણ કાર્યક્રમો: કાયદાકીય સમર્થન દ્વારા મહિલાઓનું સશક્તિકરણ વિષય પર આજરોજ, તારીખ 01/02/2025ના રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU) ખાતે એક દિવસીય કાર્યશાળા યોજાઈ. આ કાર્યશાળા ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી તથા જેન્ડર રિસોર્સ, મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા ઉચ્ચ શિક્ષણ, કમિશનરશ્રીની કચેરીના સંકલનમાં અમલી 'સેતુ કાર્યક્રમ' અંતર્ગત આયોજિત કરી. કાર્યશાળાનો મુખ્ય વિષય 'મહિલા કાયદાઓ (POSH એક્ટ 2013) અને યોજના' રહ્યો, જે યુનિવર્સિટીનાં કુલપતિશ્રી પ્રો. અમી ઉપાધ્યાયની અધ્યક્ષતામાં સંપન્ન થયો.

કુલપતિશ્રી પ્રો. અમી ઉપાધ્યાયે પોતાના અધ્યક્ષીય ઉદ્બોધનમાં સ્પષ્ટ કર્યું કે, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં સેકસ્યુઅલ હેરેસમેન્ટનું કોઈ સ્થાન નથી. તેમણે કાર્યસ્થળ પર કોઈપણ પ્રકારની જાતીય સતામણી થાય તો તેનો સામનો કરવા માટે મહિલાઓને જાગૃત થવા પ્રેરિત કરી.

પ્રથમ સત્રની શરૂઆતમાં સેતુ કાર્યક્રમનાં નોડલ ઓફિસર પ્રો. પ્રિયાંકીબહેન વ્યાસે પ્રાસંગિક ઉદ્બોધન આપીને મુખ્ય વક્તાશ્રીનો પરિચય કરાવ્યો. મુખ્ય વક્તા તરીકે ગુજરાત હાઈકોર્ટનાં જસ્ટીસ શ્રી મૌનાબહેન ભટ્ટ જોડાયાં. તેમણે PPT અને વીડિયોના માધ્યમથી અત્યંત સરળ રીતે મહિલાલક્ષી કાયદાઓ વિશે જાણકારી આપી. તેમણે ખાસ કરીને મહિલા કાયદાઓ (POSH એક્ટ 2013) અને વિવિધ યોજનાઓ વિશે માહિતી આપી. તેમણે મહિલાઓ સાથે થતાં સેકસ્યુઅલ હેરેસમેન્ટ કયા છે અને તેનો સામનો કરવા માટે કાયદામાં કેવી જોગવાઈઓ છે, તે વિશે માહિતી આપી. શ્રી મૌનાબહેન ભટ્ટે ખાસ ભારપૂર્વક જણાવ્યું કે, કાયદાનો ક્યારેય દુરુપયોગ ન થાય. આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના દરેક શૈક્ષણિક, બિનશૈક્ષણિક અને સફાઈ કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લીધો. પ્રથમ સત્રનું સંચાલન દિવ્યા બહેન દરજીએ કર્યું.

દ્વિતીય સત્રમાં GTU અમદાવાદના લીગલ એક્સપર્ટ શ્રી હેમલતાબહેન ભટ્ટ અને BAOUના લીગલ આસિસ્ટન્ટ શ્રી મૈત્રીબહેન ત્રિવેદી મુખ્ય વક્તા તરીકે જોડાયાં. શ્રી હેમલતાબહેન ભટ્ટએ PPTના માધ્યમથી સરકારમાં અમલી મહિલાલક્ષી યોજનાઓ કયા પ્રકારની છે તેની જાણકારી આપી. તેમણે આ યોજનાઓ દ્વારા કેવા લાભો મળી શકે અને આ યોજનાઓ વિશે ક્યાંથી માહિતી મળી શકે તે વિશે માર્ગદર્શન પૂરું પાડ્યું. શ્રી મૈત્રીબહેન ત્રિવેદીએ PPTના માધ્યમથી ડોમેસ્ટીક વાયલેન્સ એક્ટ 2005 અને PoSH એક્ટ 2013 વિશે જાણકારી આપી અને આ એક્ટ અંતર્ગત કયા પ્રકારના ગુનાઓ આવે છે તેની માહિતી પણ આપી. તેમણે રાજા શાન્તનુની વાર્તા કહીને પ્રાચીન સમયમાં મહિલાઓ કેટલી પ્રભાવશાળી હતી તેનું મહત્ત્વ સમજાવ્યું. દ્વિતીય સત્રનું સંચાલન ડૉ. ભાગ્યશ્રીબહેન રાજપૂતે કર્યું.કાર્યક્રમના અંતમાં ડૉ. નિશાબહેન જોષીએ (ડાયરેક્ટર એસ.ડી) આભારવિધિ કરી. આ કાર્યક્રમનું સફળ આયોજન સેતુ કાર્યક્રમના નોડલ ઓફિસર પ્રો. પ્રિયાંકીબહેન વ્યાસ અને ડૉ. નિશા જોષી દ્વારા કરવામાં આવ્યું.









## ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં વસંત પંચમીની ભવ્ય ઉજવણી

તારીખ: 03 ફેબ્રુઆરી 2025

અમદાવાદ: 03 ફેબ્રુઆરી 2025ના રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી પરિસર ખાતે આવેલી વિવેકાનંદ લાઈબ્રેરીમાં વસંત પંચમીની ધાર્મિક અને સાંસ્કૃતિક ઉજવણી કરવામાં આવી. આદરણીય પ્રો. અમી ઉપાધ્યાયના માર્ગદર્શન હેઠળ, મા સરસ્વતીની વંદના પુષ્પ અર્પણ અને શ્લોક-પઠન દ્વારા કરવામાં આવી. યુનિવર્સિટીમાં અધ્યાપક તરીકે ફરજ બજાવતા વિવેક સાખીએ આ પ્રસંગે શ્લોક-પઠન કર્યું.

આ શુભ અવસરે યુનિવર્સિટીના નિયામકશ્રીઓ, ટીચિંગ અને નોન-ટીચિંગ કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા. સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન એક્સ્ટેન્શન વિભાગનાં હેડ ડૉ. કૃતિબેન છાયા અને ડૉ. નીતુ કનારાએ કર્યું. કાર્યક્રમને સફળ બનાવવા માટે લાઈબ્રેરી વિભાગ દ્વારા વિશેષ સહયોગ પૂરો પડાયો.

## BAOUના અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા 'જાહેર બજેટ' પર રાજ્ય સ્તરીય કાર્યશાળા યોજાઈ

તારીખ: 01 ફેબ્રુઆરી 2025

અમદાવાદ: ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગ, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોસિયલ સાયન્સીસ દ્વારા 'જાહેર બજેટ' અંગે વિદ્યાર્થીઓ માટે રાજ્ય સ્તરીય કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું. તારીખ 1 ફેબ્રુઆરી, 2025ના રોજ કેન્દ્રીય બજેટ દરખાસ્ત જાહેર થતાં, યુનિવર્સિટીના અધ્યાપકોએ આ જીવંત પ્રસારણ યુનિવર્સિટી ખાતે વિદ્યાર્થીઓ સાથે નિહાળ્યું.



બજેટના પ્રસારણ બાદ કાર્યશાળામાં હાજર રહેલા અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ કેન્દ્રીય બજેટના ખ્યાલો, બજેટ પ્રક્રિયા અને બજેટની વિવિધ જોગવાઈઓ ઉપર ઊંડાણપૂર્વક ચર્ચા કરી. આ ચર્ચામાં ઉત્સાહભેર ભાગ લેનાર વિદ્યાર્થીઓને યુનિવર્સિટી તરફથી પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા.

# Empowering Educators with Technical Excellence!

**Date: 05 February, 2025**

**Ahmedabad: The School of Computer Science – Social Responsibility Cell and the Centre for Internal Quality Assurance (CIQA) at Dr. Babasaheb Ambedkar Open University (BAOU) successfully organised a Staff Development Program titled "Strengthening the Technical Abilities".**

**This significant initiative was undertaken with the core aim of enhancing the technical skills of the staff, thereby ensuring that they remain proficient and current in the ever-evolving digital landscape. The program featured engaging hands-on sessions and expert insights, through which participants acquired valuable knowledge on how to effectively integrate technology into their daily roles and responsibilities.**

**The success of the program was largely attributed to the dedicated faculties of the School of Computer Science (SCS), who served as resource persons, and the enthusiastic participation of the staff members. The SCS and CIQA expressed their sincere gratitude to Prof. Ami Upadhyay, the Honourable Vice Chancellor, for her continuous guidance and unwavering support toward this quality initiative. The University continues to drive innovation and maintain quality in education through such collaborative efforts.**





# 'नागरिक कर्तव्य एवं कुटुंब प्रबोधन' વિષય પર વ્યાખ્યાન યોજાયું

તારીખ: 05 ફેબ્રુઆરી, 2025

અમદાવાદ: ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU)માં યુનિવર્સિટીના 'ગાર્ગી' – મહિલા સર્વાંગીણ વિકાસ કેન્દ્ર, એક્સ્ટેન્શન એક્ટિવિટી સેલ અને મહિલા ગતિવિધિ ભારતીય શિક્ષણ મંડળના સંયુક્ત ઉપક્રમે 'नागरिक कर्तव्य एवं कुटुंब प्रबोधन' વિષય પર ભવ્ય વ્યાખ્યાનનું આયોજન કર્યું. આ કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે BAOUનાં માનનીય કુલપતિશ્રી પ્રો. અમી ઉપાધ્યાય ઉપસ્થિત રહ્યાં. મુખ્ય અતિથિ તરીકે રાષ્ટ્રસેવિકા સમિતિ પ્રમુખ હિન્દુ રાષ્ટ્રવાદી મહિલા સંગઠનનાં શ્રી શાંતા અક્કાજી તેમજ મુખ્ય વક્તા તરીકે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટનાં આંકડા અધિકારી ડૉ. આરતીબહેન ઓઝા હાજર રહ્યાં.





મુખ્ય વક્તા ડૉ. આરતીબહેન ઓઝાએ જણાવ્યું કે દેશ અને સમાજના વિકાસ માટે નાગરિક કર્તવ્ય અને કુટુંબ-પ્રબોધન ખૂબ જ જરૂરી છે, તેથી રાષ્ટ્રના ભવ્ય નિર્માણ માટે આપણે સૌએ આપણી ભવ્ય સંસ્કૃતિના વારસાને જાણવો ખૂબ મહત્ત્વનો છે. તેમણે આગળ જણાવ્યું કે, આજના આ કાર્યક્રમનો વિષય એ ભાષણનો વિષય નથી, પરંતુ કર્તૃત્વનો વિષય છે. તેમણે આવા કાર્યક્રમો શા માટે યોજવા પડે છે તે વિશે અલગ-અલગ ઉદાહરણો આપ્યાં. તેમણે આજની નવી પેઢી પર મોબાઈલ અને મીડિયાની નકારાત્મક અસર અને તેનાં ગંભીર પરિણામો પર ચર્ચા કરી અને ભવિષ્યની ચિંતા વ્યક્ત કરી. તેમણે 'भारत को जानो, भारत के बनो और भारत को बनाए'ની વાત સાથે માનવતાવાદી દૃષ્ટિકોણ પર પ્રકાશ પાડ્યો.

આ કાર્યક્રમનાં મુખ્ય અતિથિ શ્રી શાંતા અક્કાજીએ ગુજરાતના પનોતા પુત્ર લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલને યાદ કરીને અખંડ ભારતની વાત કરી. તેમણે જણાવ્યું કે, કોઈપણ રાષ્ટ્રનું નિર્માણ પરિવાર અને કુટુંબથી જ શક્ય બને છે, તેથી કુટુંબ દ્વારા જ સારા નાગરિકનું નિર્માણ થઈ શકે છે, જે રાષ્ટ્રને સારી રીતે ચલાવી શકે છે. તેમણે કુટુંબનાં ત્રણ કર્તવ્યો – સૃષ્ટિ, સંસ્કાર અને સમાજકાર્ય પર વિસ્તૃત ચર્ચા કરી. તેમણે ભાર મૂક્યો કે ભાવિ નાગરિકો માટે કુટુંબના સારા સંસ્કારો દ્વારા સંતાનોનો ઉછેર કરવો જોઈએ અને તેઓ સ્વામી વિવેકાનંદજી, લોકમાન્ય ટિળક જેવા મહાપુરુષોથી પરિચિત થાય તે જરૂરી છે. તેમણે મનુષ્યની જીવન-સંપત્તિ એટલે કે, ભાષા, ભોજન, ભ્રમણ, ભવન અને ભૂષણનો કેવી રીતે ઉપયોગ કરવા અંગે જણાવતા કહ્યું કે આપણી પ્રકૃતિ, સંસ્કૃતિ આપણા કુટુંબ અને સમાજના ઉપયોગમાં આવે ત્યારે જ સારા રાષ્ટ્રનું અને સારા નાગરિકનું નિર્માણ કરી શકાય છે.





આ તકે BAOUનાં કુલપતિશ્રી પ્રો. અમી ઉપાધ્યાયએ જણાવ્યું કે જ્યાં સુધી કુટુંબ-પ્રબોધન સારી રીતે ન થઈ શકે, ત્યાં સુધી નાગરિક કર્તવ્ય સમજવું મુશ્કેલ છે. તેમણે જણાવ્યું કે, નવા સંબંધો થકી સારા રાષ્ટ્રનું નિર્માણ યોગ્ય રીતે કરી શકાય. સમાજના નાનામાં નાના માણસને પણ બાળ સંસ્કારો દ્વારા કુટુંબમાં જોડી શકાય છે, ત્યારે જ બાળક દ્વારા કુટુંબમાં અને સમાજમાં પરિવર્તન લાવી શકાય છે અને એ આગળ જતાં ભારત અને રાષ્ટ્ર નિર્માણમાં પોતાનું યોગદાન આપી શકે છે. આ કાર્યક્રમમાં ગુજરાત પ્રાંત મહિલા ગતિવિધિનાં પ્રમુખ શ્રી ગીતા તિવારીએ આભારવિધિ રજૂ કરી. આ તકે શ્રીમતી સંધ્યા ટીપરેજી, યુનિવર્સિટીના કુલસચિવશ્રી, સર્વે નિયામકશ્રીઓ તેમજ તમામ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા. કાર્યક્રમનું સંચાલન પ્રા. હીના રાવલ દ્વારા કરવામાં આવ્યું.



# એક દિવસીય ક્રિકેટ ટુર્નામેન્ટનું સફળ આયોજન

**તારીખ: 11 ફેબ્રુઆરી 2025**

**અમદાવાદ: ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ખાતે આજ રોજ એક દિવસીય ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કર્યું, જેનો પ્રારંભ માનનીય કુલગુરુ પ્રો. અમી ઉપાધ્યાય દ્વારા કરાવવામાં આવ્યો.**

**યુનિવર્સિટીના કર્મચારીઓમાં રમતગમત પ્રત્યે ઉત્સાહ વધારવા અને સૌહાર્દપૂર્ણ પરિસર નિર્માણ કરવાના હેતુથી આયોજિત આ ટુર્નામેન્ટમાં કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લીધો. મૈત્રી અને ખેલભાવનાથી ભરપૂર આ સ્પર્ધામાં દરેક ટીમે શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું. આકર્ષક મૈત્રીપૂર્ણ મુકાબલાઓ અને ઉત્સાહજનક પળોની સાથે, ટુર્નામેન્ટ સમગ્ર યુનિવર્સિટી માટે એક યાદગાર પ્રસંગ બની રહ્યો.**









# BAOU ખાતે 'તેજતૃષા મહોત્સવ 2025'નું ભવ્ય આયોજન રાજ્યભરમાંથી 889 વિદ્યાર્થીઓ 41 સ્પર્ધાઓમાં જોડાયા; જાણીતા વક્તા શ્રી જય વસાવડાએ યુવાનોને પ્રેરણા આપી

તારીખ: 15 ફેબ્રુઆરી 2025

અમદાવાદ: ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU) ખાતે `તેજતૃષા મહોત્સવ 2025'નું આયોજન માનનીય કુલપતિ શ્રી પ્રો. અમી ઉપાધ્યાયના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું. આ પ્રતિભા મહોત્સવમાં રાજ્યભરમાંથી યુનિવર્સિટીના વિવિધ અભ્યાસકેન્દ્રોમાં અભ્યાસ કરતાં 889 જેટલા વિદ્યાર્થીઓ જોડાયા અને 41 જેટલી વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લઈને પોતાનું કૌશલ્ય પ્રદર્શિત કર્યું. આ સ્પર્ધાઓમાં જ્ઞાનધારા, રંગ કલા-કૌશલ્ય, સર્જનાત્મક અભિવ્યક્તિ, ગીત-સંગીતધારા, નાટ્યધારા અને નૃત્યધારા જેવી વિવિધ કલાઓનો સમાવેશ થયો.

`તેજતૃષા મહોત્સવ - 2025' કાર્યક્રમના ઉદ્‌ઘાટન સત્રમાં ગુજરાતના જાણીતા વક્તા શ્રી જય વસાવડાએ ખાસ હાજરી આપી અને તેજતૃષા મહોત્સવમાં ભાગ લીધેલ તમામ સ્પર્ધકોને પ્રોત્સાહિત કરતું વક્તવ્ય આપ્યું. શ્રી જય વસાવડાએ જણાવ્યું કે જિંદગી જીવવા માટે માણસને પોતાનું લક્ષ્ય હોવું જોઈએ અને એ જ લક્ષ્યને ધ્યાનમાં રાખીને સફળતાના શિખરો સર કરવા જોઈએ. તેમણે સમજાવ્યું કે દરેકની એક આંખમાં તેજ અને બીજી આંખમાં ભેજ હોવો જોઈએ. આ તેજ એટલે શું અને ભેજ એટલે શું તેનાં ખૂબ ઉત્તમ ઉદાહરણો આપી તેમણે યુવાનોને પ્રેરણાત્મક વક્તવ્ય આપ્યું.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનાં માનનીય કુલપતિશ્રી પ્રો. અમી ઉપાધ્યાયે યુનિવર્સિટીની સિદ્ધિઓ વર્ણવી અને યુનિવર્સિટીમાં ચાલતા વિવિધ પ્રકલ્પો વિશે માહિતીગાર કર્યા. તેમણે `તેજતૃષા મહોત્સવ'નું મહત્ત્વ સમજાવતાં જણાવ્યું કે, `તેજતૃષા મહોત્સવ'ની શરૂઆત 2019માં કરવામાં આવી. આ યુનિવર્સિટીમાં અભ્યાસ કરવા માટે ઉંમરનો કોઈ બાધ નથી, તેમ આ પ્રતિભા મહોત્સવમાં કોઈપણ ઉંમરના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકે છે અને એમની કળાને, સ્કિલને, આવડતને રજૂ કરવા માટે યુનિવર્સિટીએ મંચ આપ્યો છે. હકીકત એ છે કે દરેક વ્યક્તિમાં કોઈપણ પ્રકારે તેજ રહેલું છે, એ તેજને બહાર લાવવા માટે જે તરસ છે તે તૃષા છે અને એટલે જ આ મહોત્સવને `તેજતૃષા' નામ આપવામાં આવ્યું. તેમણે એ પણ જણાવ્યું કે આગામી સમયમાં યુનિવર્સિટી સિનેમા ઉપર નવા અભ્યાસક્રમો શરૂ કરવા તરફ જઈ રહી છે, જેમાં કોઈપણ વિદ્યાશાખાના વિદ્યાર્થીઓ સિનેમાના અભ્યાસક્રમમાં જોડાઈ શકે અને પોતાનું કરિયર બનાવી શકે. તેજતૃષાની વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેનાર સ્પર્ધકોમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન પ્રાપ્ત કરનાર સ્પર્ધકોને શિલ્ડ આપીને સન્માનિત કરવામાં આવ્યા. આ તકે યુનિવર્સિટીના કુલસચિવ શ્રી ડૉ. એ. કે. જાડેજા, પ્રો. પ્રિયંકીબેન વ્યાસ, ડૉ. હિમાંશુ પટેલ, ડૉ. સંજયભાઈ પટેલ, ડૉ. નિશાબેન જોષી, ડૉ. કૃતિ છાયા ઉપસ્થિત રહ્યા. આ કાર્યક્રમનું સંચાલન પ્રો. દિગીશ વ્યાસે કર્યું.





# તસવીરોમાં તેજતૃષા - 2025



















# BAOUનાં કુલગુરુશ્રીએ પાલનપુર જેલના કેદીઓની મુલાકાત લીધી

તારીખ: 19 ફેબ્રુઆરી 2025

અમદાવાદ: ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU) અને યુનિવર્સિટીનાં આદરણીય કુલપતિ પ્રો. અમી ઉપાધ્યાય કેળવણી અને શિક્ષણ થકી સમાજ સુધી પહોંચવા અને સમાજમાં પોતાનું ઉત્કૃષ્ટ યોગદાન આપવા કટિબદ્ધ રહ્યા છે. આ ઉદ્દેશ્યમાં આગળ વધતાં, આદરણીય કુલપતિશ્રી પ્રો. અમી ઉપાધ્યાય દ્વારા પાલનપુર જિલ્લા જેલની મુલાકાત લેવામાં આવી. તેમણે જેલના 400થી વધુ કેદી ભાઈ-બહેનોને યુનિવર્સિટીના અભ્યાસક્રમો અને યુનિવર્સિટીના અલગ અલગ પ્રકલ્પો વિશે માહિતી આપી. આ સાથે, તેમણે ઉત્તમ માનવ બનવા માટેના માનવ મૂલ્યો અને કેળવણી થકી ભૂતકાળની ભૂલોમાંથી બોધપાઠ લઈને સાચી દિશામાં આગળ વધવા આહ્વાન કર્યું.

આ ઉપરાંત, કુલપતિશ્રીએ યુનિવર્સિટી વતી ખાતરી આપી કે બંદી ભાઈ-બહેનો જેમાં રસ ધરાવે છે, તેવા ટૂંકા ગાળાના અભ્યાસક્રમો યુનિવર્સિટી શરૂ કરશે. બંદીવાન ભાઈ-બહેનો જેલ બહાર નીકળી પગભર થઈ સ્વમાનભેર જીવી શકે તે ઉદ્દેશથી કુલપતિશ્રીએ યુનિવર્સિટી દ્વારા જેલમાં બંદીવાન ભાઈ-બહેનોને ખાખરા, તેલ, સાબુ, શેમ્પૂ વગેરે જેવા લઘુ ઉદ્યોગોની ટ્રેનિંગ આપી તેનું ઉત્પાદન અને વેચાણ સંદર્ભે માર્ગદર્શન આપવા માટે ઇચ્છા વ્યક્ત કરી. આ ઉપરાંત, કુલપતિશ્રી દ્વારા જેલના પોલીસ ભાઈ-બહેનોને સરળતા રહે તે માટે જેલમાં જ તેમની પણ પરીક્ષા લેવાય તેવી અનુકૂળતા કરી આપવા માટે પોતાનો વિચાર રજૂ કર્યો.

આ સમગ્ર કાર્યક્રમમાં પાલનપુર જેલના સુપ્રિટેન્ડન્ટ અને પાલનપુર જેલ અભ્યાસકેન્દ્રના કોર્ડીનેટર માનનીય શ્રી વી.પી.ગોહિલ સાહેબના સકારાત્મક પ્રતિસાદ અને સંચાલનથી આ કાર્યક્રમ સફળ થયો. આ કાર્યક્રમમાં યુનિવર્સિટી બોર્ડ મેમ્બર અને પ્રોફેસર ડૉ. પ્રિયાંકી વ્યાસ, ડૉ. સોનલ ચૌધરી – ઇન્ચાર્જ, પ્રાદેશિક કેન્દ્ર પાલનપુર, ડૉ. નિશા જોશી – નિયામક, વિદ્યાર્થી વિકાસ, ડૉ. કિંજલ પટેલ – ડાયરેક્ટર, પ્રાદેશિક કેન્દ્ર પાટણ તથા લીગલ આસિસ્ટન્ટ સુશ્રી મૈત્રી ત્રિવેદી હાજર રહ્યાં.







# BAOUના અમીરગઢ કેન્દ્ર ખાતે ‘સેતુ કાર્યક્રમ’ હેઠળ
# ‘મહિલા કાયદાઓ અને યોજના’ પર કાર્યશાળા

**તારીખ: 19 ફેબ્રુઆરી 2025**

**અમીરગઢ:** તારીખ 19/02/2025ના રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU)ના અમીરગઢ કેન્દ્ર – 1027 બનાસકાંઠા તથા જેન્ડર રિસોર્સ, મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરીના સંકલનમાં અમલી “સેતુ કાર્યક્રમ” હેઠળ "મહિલા કાયદાઓ (POSH એક્ટ 2013) અને યોજના" વિષય ઉપર એક દિવસીય કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યશાળા કુલપતિશ્રી પ્રો. અમીબહેન ઉપાધ્યાયની અધ્યક્ષતામાં યોજાઈ.

કાર્યક્રમમાં યુનિવર્સિટીનાં કુલપતિશ્રી પ્રો. અમીબહેન ઉપાધ્યાયે અધ્યક્ષીય ઉદ્‌બોધન આપ્યું. જેમાં તેમણે કહ્યું કે મહિલાઓએ મહિલા સતામણી સામે આંખ ઉઠાવવી પડશે અને પોતાનું સંરક્ષણ કરવાની જવાબદારી પોતે લેવી પડશે. જે પણ મહિલાઓની સાથે કાર્યસ્થળ ઉપર કોઈપણ પ્રકારની જાતીય સતામણી થાય છે, તેનો સામનો કરવા માટે તેમણે જાગૃત થવા પ્રેરિત કર્યા. અમીરગઢ કેન્દ્રના ડૉ. મંજુલાબેન પરમારે પ્રાસંગિક અને શાબ્દિક સ્વાગત કર્યું, અને કૉલેજના પ્રા. ફરહીના શેખ અને વિદ્યાર્થીઓ દ્વારા પ્રાર્થના થકી કાર્યક્રમ શરૂ થયો.

મુખ્ય વક્તા શ્રી મૈત્રીબેન ત્રિવેદી(લીગલ આસિસ્ટન્ટ, BAOU)એ PosH act-2013 અંગે વિસ્તૃત માહિતી આપીને વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા. તેમણે મહિલાઓ સાથે થતાં સેક્સ્યુઅલ હેરેસમેન્ટ કયા છે અને તેનો સામનો કરવા માટે કાયદામાં કેવા પ્રકારની જોગવાઈઓ છે, તેના વિશે પણ માહિતી આપી. તેઓએ કાયદાનો ક્યારેય દુરુપયોગ ન થાય એ વાત ઉપર ભાર મૂક્યો. અન્ય વક્તા શ્રી વીરભદ્રસિંહ પી. ગોહિલ (સુપ્રિટેન્ડેન્ટ, જિલ્લા જેલ – પાલનપુર) દ્વારા મહિલાઓના આત્મરક્ષણ તેમજ મહિલાના ઘરેલુ હિંસા અટકાયત કાયદો અને કાયદાના ભંગની સજાની જોગવાઈ વિષે માહિતી આપી.

આ કાર્યક્રમમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓના રજિસ્ટ્રેશન માટે ડૉ. મુકેશ કુમાર, ડૉ. હિરેન ચૌધરી અને ડૉ. મહેશભાઈ પ્રજાપતીએ ભૂમિકા ભજવી. કૉલેજ સ્ટાફ પરિવાર અને કુલ 298 વિદ્યાર્થીઓ હાજર રહ્યા. સેતુ એક દિવસીય કાર્યશાળાનું સંચાલન કૉલેજના આચાર્ય ડૉ. નયન કે. સોનારાના માર્ગદર્શન હેઠળ ડૉ. નરેશભાઈ જોશી, ડૉ. નિતિનભાઈ જાદવ અને પ્રા. ભૂપેન્દ્રભાઈ ચડોખિયાએ કર્યું. આ કાર્યક્રમની આભારવિધિ ઇન્ચાર્જ પ્રાદેશિક કેન્દ્ર BAOU પાલનપુરના ડૉ. સોનલબેન ચૌધરીએ કરીને કાર્યક્રમને પૂર્ણ કર્યો. આ કાર્યક્રમનું સફળ આયોજન સેતુ કાર્યક્રમના નોડલ ઓફિસર પ્રો. પ્રિયાંકીબહેન વ્યાસ, પ્રો. ડૉ. નિશા જોષી, ડૉ. સોનલબેન ચૌધરી અને ડૉ. કિંજલબેન દ્વારા કરવામાં આવ્યું.







# સરકારી વિનયન કૉલેજ, અમીરગઢ ખાતે BAOUની અભિમુખતા પરિચય બેઠક

તારીખ: 19 ફેબ્રુઆરી 2025

અમીરગઢ: ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU)નું ધ્યેય ગામના છેવાડા સુધી શિક્ષણ પહોંચાડવાનું છે. આ ધ્યેયને ચરિતાર્થ કરતું રાજસ્થાનની સરહદ પર આવેલ સરકારી વિનયન કૉલેજ, અમીરગઢ ખાતે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અમદાવાદ અભ્યાસ કેન્દ્ર – 1027 અમીરગઢ, બનાસકાંઠામાં તારીખ 19/02/2025ના રોજ અભિમુખતા પરિચય બેઠક યોજાઈ.

આ બેઠકની શરૂઆત કૉલેજના અધ્યાપકશ્રી ફરહીના શેખ અને અભ્યાસકેન્દ્રના વિદ્યાર્થીઓ દ્વારા પ્રાર્થનાથી કરવામાં આવી. કૉલેજના અધ્યાપકશ્રી ડૉ. મંજુલાબેન પરમારે પ્રાસંગિક શાબ્દિક સ્વાગત કરીને કાર્યક્રમને આગળ વધાર્યો. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અમદાવાદના કુલગુરુશ્રી પ્રો. અમી ઉપાધ્યાયના અધ્યક્ષીય ઉદ્‌બોધનમાં તેમણે દૂરવર્તી શિક્ષણ અને ઓપન યુનિવર્સિટીની પ્રણાલિકા વિશે જણાવી વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા. આ સાથે, યુનિવર્સિટીના ચાલતા જુદા જુદા પ્રકલ્પો વિશે વાત મૂકી કૉલેજના સ્ટાફ તથા વિદ્યાર્થીઓને તે પ્રકલ્પોનો વધુ ને વધુ લાભ લેવા પ્રોત્સાહન આપ્યું. તેમજ કુલપતિશ્રીના હસ્તે પ્રવેશ-સત્ર ઑગસ્ટ 2024-25માં સ્નાતક, અનુસ્નાતક તથા સર્ટિફિકેટ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓના પુસ્તકોનું વિતરણ પણ કરવામાં આવ્યું.

બોર્ડ મેમ્બર પ્રો. ડૉ. પ્રિયાંકી વ્યાસ દ્વારા યુનિવર્સિટીના ઉદ્દેશો અને યુનિવર્સિટીની વિશિષ્ટતાઓ સમજાવવામાં આવી. ત્યારબાદ પ્રાદેશિક કેન્દ્ર પાલનપુર ખાતે ફરજ બજાવતા ઈતિહાસ વિષયના અધ્યાપકશ્રી ડૉ. સોનલબેન ચૌધરીએ વિદ્યાર્થી સહાય વ્યવસ્થા અને શૈક્ષણિક સત્ર અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું. તેમણે વિદ્યાર્થીઓને આંબેડકર ઓપન યુનિવર્સિટીની વેબસાઈટ તેમજ વિદ્યાર્થીઓને જરૂરી એવી તમામ બાબતો જે વેબસાઈટ પર ઉપલબ્ધ છે, તેની વિસ્તારથી માહિતી આપી. સાથે જ વિદ્યાર્થીઓને ઓનલાઈન વીડિયો લેક્ચરનો લાભ લેવા જણાવ્યું. નિયામકશ્રી વિદ્યાર્થી વિકાસ ડૉ. નિશા જોશીએ વિદ્યાર્થીઓને શિક્ષણની સાથે સાથે યુનિવર્સિટી દ્વારા યોજવામાં આવતા જુદા જુદા વિદ્યાર્થી વિકાસલક્ષી અને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં જોડાવા અપીલ કરી. પ્રાદેશિક કેન્દ્ર પાટણના પ્રાદેશિક નિયામકશ્રી ડૉ. કિંજલ પટેલે વિદ્યાર્થીને પ્રવેશ, સ્વાધ્યાયકાર્ય, ઓનલાઈન સ્ટડી મટીરીયલ, ક્રેડિટ ટ્રાન્સફરની સુવિધા તેમજ પરીક્ષા વિશે માહિતી આપી.

આ કાર્યક્રમમાં કૉલેજ સ્ટાફ પરિવાર અને અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં હાજર રહ્યા. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કૉલેજના આચાર્યશ્રી તથા અભ્યાસકેન્દ્ર સંયોજક ડૉ. નયન કે. સોનારાના માર્ગદર્શન હેઠળ હિન્દી વિભાગના અધ્યાપકશ્રી ડૉ. નરેશભાઈ જોશી, સમાજશાસ્ત્ર વિભાગના અધ્યાપકશ્રી ડૉ. નિતિનભાઈ જાદવ અને અધ્યાપકશ્રી ભૂપેન્દ્રભાઈ ચડોખિયાએ કર્યું.





# નવનિર્મિત પ્રાદેશિક કેન્દ્ર પાલનપુરની કામગીરીનું કુલપતિશ્રી દ્વારા નિરીક્ષણ






તારીખ: 20 ફેબ્રુઆરી 2025

પાલનપુર: ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU)નાં કુલગુરુશ્રી પ્રો. અમી ઉપાધ્યાય દ્વારા તારીખ 19/02/2025ના રોજ પ્રાદેશિક કેન્દ્ર પાલનપુરને ફાળવવામાં આવેલ જમીન ઉપર થઈ રહેલી કામગીરીના અનુસંધાને સ્થળ મુલાકાત લેવામાં આવી. તેમણે મકાનનું કામ ઝડપથી અને યોગ્ય દિશામાં થાય તે માટે માર્ગદર્શન આપ્યું. આ સાથે, હાલમાં કાર્યરત પ્રાદેશિક કેન્દ્ર પાલનપુરની સ્થળ મુલાકાત પણ લીધી.

કુલપતિશ્રીએ એવી ઈચ્છા વ્યક્ત કરી કે પ્રાદેશિક કેન્દ્રના કેમ્પસમાં વિવિધ વિદ્યાર્થીલક્ષી પ્રવૃત્તિઓ થાય તેમજ વધુને વધુ વિદ્યાર્થીઓ અને જ્ઞાનપીપાસુઓ કેન્દ્ર સુધી પહોંચી યુનિવર્સિટીની વિવિધ પ્રવૃત્તિઓ થકી કેળવણી મેળવીને પગભર થાય.



# પ્રાદેશિક કેન્દ્ર અમદાવાદ દ્વારા વિદ્યાર્થીઓને બોર્ડ પરીક્ષા માટે શુભકામનાઓ

તારીખ: 21 ફેબ્રુઆરી 2025

અમદાવાદ: પ્રાદેશિક કેન્દ્ર અમદાવાદ દ્વારા શેઠ સી. એલ. સ્કૂલ ખાતે વિદ્યાર્થીઓને બોર્ડ પરીક્ષા માટે શુભકામનાઓ પાઠવવામાં આવી. કેન્દ્રના આસિસ્ટન્ટ રિજનલ ડાયરેક્ટર શ્રી વિજયસિંહ ભદૌરિયાએ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU)ની તરફથી ઉપસ્થિત રહી જણાવ્યું કે માનનીય કુલપતિ પ્રો. અમી ઉપાધ્યાયના માર્ગદર્શન હેઠળ યુનિવર્સિટી સતત શિક્ષણક્ષેત્રે નવી ઊંચાઈઓ હાંસલ કરી રહી છે.

તેમણે માહિતી આપતાં જણાવ્યું કે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ગુજરાતની પહેલી અને એકમાત્ર યુનિવર્સિટી છે, જેને NAAC દ્વારા A++ ગ્રેડ પ્રાપ્ત થયો છે. આ સાથે NIRF દ્વારા તેને ત્રીજું સ્થાન પણ મળ્યું. આ યુનિવર્સિટી UGCની 12B સ્ટેટસ સાથે કેટેગરી 1ની લિસ્ટમાં પણ સમાવિષ્ટ છે. હાલ આ યુનિવર્સિટીમાં 4 લાખથી વધુ વિદ્યાર્થીઓ જોડાયેલા છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી કેટલાક કોર્સ ઓનલાઈન મોડમાં પણ ચલાવે છે, જેના દ્વારા વિદ્યાર્થીઓ વિદેશોમાં રહીને પણ ડિગ્રી મેળવી શકે છે. આ સાથે, આ યુનિવર્સિટી કેટલાક ખાસ વર્ગો, જેમ કે શહીદ વીર વધુ, જેલના કેદીઓ, ટ્રાન્સજેન્ડર અને સેક્સ વર્કર્સને મફત શિક્ષણ આપે છે. વિશ્વવિદ્યાલય દર વર્ષે 'તેજતૃષા મહોત્સવ'નું આયોજન કરે છે, જે વિદ્યાર્થીઓને તેમની કલા અને કુશળતાનું પ્રદર્શન કરવા માટે એક ઉત્તમ અવસર આપે છે. વધુમાં, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી CCC (કમ્પ્યુટર કોન્સેપ્ટ કોર્સ) પણ આપે છે, જે ખાસ કરીને એવા વિદ્યાર્થીઓ માટે મદદરૂપ છે જે સરકારી નોકરીમાં પ્રવેશ મેળવવા માંગે છે. તે ઉપરાંત, જો કોઈ પહેલાથી જ સરકારી નોકરીમાં છે તો તેઓ પણ આ કોર્સમાં ભાગ લઈ શકે છે.

ડૉ. મોનિકા ગુપ્તાએ (આસિસ્ટન્ટ રિજનલ ડાયરેક્ટર) વિદ્યાર્થીઓને જણાવ્યું કે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 હેઠળ ક્રેડિટ ટ્રાન્સફર દ્વારા પણ પ્રવેશ આપે છે. જો કોઈ વિદ્યાર્થીનો અભ્યાસ ક્યાંકથી અધૂરો રહી ગયો હોય, તો તે પોતાનો અભ્યાસ પૂર્ણ કરીને ડિગ્રી પ્રમાણપત્ર પ્રાપ્ત કરી શકે છે. વધુમાં, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 હેઠળ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં ONLINE CHOICE BASED CREDIT COURSEથી પણ પ્રવેશ આપે છે, જેમાં વિદ્યાર્થીઓ ફક્ત એક પેપર અથવા અમુક પેપરમાં ક્રેડિટ લેવા માટે પ્રવેશ લઈને માર્કશીટ મેળવી શકે છે. કાર્યક્રમમાં પ્રવેશની, મટેરિયલ, અસાઈનમેન્ટ અને પરીક્ષાની સંપૂર્ણ માહિતી વિદ્યાર્થીઓને આપવામાં આવી.

કાર્યક્રમના અંતે, ડૉ. મોનિકા ગુપ્તાએ વિદ્યાર્થીઓનો આભાર માનતાં જણાવ્યું કે, તેઓ પરીક્ષાઓ માટે ચિંતામુક્ત રહીને, ધ્યાન કેન્દ્રિત કરીને પરીક્ષા આપે. તેમણે સેઠ સી. એલ. સ્કૂલના પ્રિન્સિપાલ શ્રી જીતેન્દ્ર સિંહ ચૌહાણ, સંયોજક શ્રી પલ્લવી દીક્ષિત અને સ્કૂલના ટ્રસ્ટી મુખ્ય શ્રીકરણસિંહ તોમરનો પણ આભાર માન્યો, જેમણે આ કાર્યક્રમને સફળ બનાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા અદા કરી. અંતમાં, આ કાર્યક્રમમાં સામેલ 900 વિદ્યાર્થીઓને ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કેમ્પસની મુલાકાત કરવા માટે આમંત્રણ પાઠવ્યું.





# વિશ્વ માતૃભાષા દિવસ નિમિત્તે BAOU ખાતે
# 'મળી માતૃભાષા મને ગુજરાતી' વિષય પર કવયિત્રી સંમેલન

**તારીખ: 21 ફેબ્રુઆરી 2025**

**અમદાવાદ:** ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં વિશ્વ માતૃભાષા દિવસ નિમિત્તે ગાર્ગી મહિલા સર્વાંગીણ વિકાસ કેન્દ્ર અને મહિલા ગતિવિધિ ભારતીય શિક્ષણ મંડળના સંયુક્ત ઉપક્રમે `મળી માતૃભાષા મને ગુજરાતી' વિષય પર કવયિત્રી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું. કવિ સંમેલનમાં ગુજરાતની નામાંકિત કવયિત્રીઓ શ્રી ગોપાલી બૂચ, ડૉ. અનુ મહેતા, શ્રી પૃથા સોની, ડૉ. ઉષા ઉપાધ્યાય અને શ્રી રક્ષા શુક્લ દ્વારા સ્વરચિત શ્રેષ્ઠ કવિતાઓ રજૂ કરવામાં આવી.

કાર્યક્રમના અધ્યક્ષશ્રી માનનીય કુલપતિશ્રી પ્રો. અમી ઉપાધ્યાયે પોતાના વિચારો રજૂ કરતાં જણાવ્યું કે આપણે સૌ આપણા હસ્તાક્ષર માતૃભાષામાં જ કરવા જોઈએ. તેમણે ઉમેર્યું કે લોકો માતૃભાષા તરફ પાછા વળે તેમજ માતૃભાષાનું જ્ઞાન વિશ્વના ખૂણે ખૂણે પહોંચે તે માટે વિશ્વ વિદ્યાલય અનુદાન આયોગ અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020માં વિશેષ ઉલ્લેખ કરાયો છે.











# ગુજરાત સાંસ્કૃતિક વક્તૃત્વ સ્પર્ધા – 2025
# BAOUમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું વક્તવ્ય નિહાળવામાં આવ્યું




**તારીખ: 26 ફેબ્રુઆરી 2025**

**અમદાવાદ:** ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU)માં ગુજરાત સાંસ્કૃતિક વક્તૃત્વ સ્પર્ધા – 2025 અંતર્ગત માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું વક્તવ્ય નિહાળવામાં આવ્યું. ગુણવંતી ગુજરાતના દીર્ઘદૃષ્ટા સંસ્કૃતિપ્રેમી માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં સંસ્કાર સિંચનના મહાકુંભ અંતર્ગત ગુજરાત સાંસ્કૃતિક વક્તૃત્વ સ્પર્ધા – 2025નું ભવ્ય આયોજન થઈ રહ્યું છે. જેનો મુખ્ય ઉદ્દેશ્ય રાજ્યભરની કૉલેજના વિદ્યાર્થીઓમાં સાંસ્કૃતિક મૂલ્યો પ્રત્યે જાગૃતિ લાવવા, યુવાનોના હૃદયમાં નૈતિક મૂલ્યો સ્થાપિત કરવા અને જાહેર અભિવ્યક્તિની કુશળતામાં વધારો કરવાનો છે.

માનનીય મુખ્યમંત્રીશ્રી સાથે ગુજરાત રાજ્યની તમામ યુનિવર્સિટીઓ, કૉલેજોના પ્રોફેસરો અને વિદ્યાર્થીઓ આ કાર્યક્રમમાં જોડાયા. સમગ્ર રાજ્યમાં આ કાર્યક્રમનું આયોજન માનનીય પ્રધાનમંત્રીશ્રી આદરણીય નરેન્દ્રભાઈ મોદીના સપનાંઓને સાકાર કરવા માટે શ્રી ઉદય માહુરકરજીના નેતૃત્વમાં સેવ કલ્ચર સેવ ઈન્ડિયા ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવશે. યુનિવર્સિટીમાં માનનીય મુખ્યમંત્રીશ્રીના કાર્યક્રમમાં યુનિવર્સિટીનાં માનનીય કુલપતિશ્રી પ્રો. અમી ઉપાધ્યાય, કુલસચિવશ્રી, વિવિધ વિદ્યાશાખાના નિયામકશ્રીઓ, અધ્યાપકો તથા સૌ કર્મચારીઓ જોડાયાં.

> **માનવજીવનની ભિન્નતાઓમાં છુપાયેલી આંતરિક એકતાને ઓળખવી અને પરસ્પર પ્રેમ તથા સમન્વય સાધવો, એ જ ભારતીય સંસ્કૃતિનો મુખ્ય ઉદ્દેશ રહ્યો છે. આપણી સંસ્કૃતિ આપણને માત્ર જીવતાં જ નથી શીખવતી, પરંતુ પ્રકૃતિ અને પરમાત્મા સાથે એકરૂપ થઈને સંપૂર્ણ જીવનને એક કલાત્મક ઉત્સવ બનાવવાની પ્રેરણા પણ આપે છે.**
>
> **- રવીન્દ્રનાથ ટાગોર**

# ‘ભારતીય ભાષાઓના સંરક્ષણ અને સંવર્ધનમાં પત્રકારત્વનું યોગદાન’ વિષય પર રાષ્ટ્રીય પરિસંવાદ યોજાયો

તારીખ: 01 માર્ચ 2025

અમદાવાદ: ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU) અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે તારીખ 01/03/2025ના રોજ ‘ભારતીય ભાષાઓના સંરક્ષણ અને સંવર્ધનમાં પત્રકારત્વનું યોગદાન’ એ વિષય પર એક દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું.








દીપપ્રાગટ્ય અને યુનિવર્સિટી ગીત બાદ માનનીય કુલપતિશ્રી પ્રો. અમી ઉપાધ્યાય તથા વરિષ્ઠ અધિકારીઓ દ્વારા મહેમાનોનું સ્વાગત-અભિવાદન થયું. સ્કૂલ નિયામકશ્રી પ્રો. યોગેન્દ્ર પારેખે સ્વાગત વક્તવ્ય અને મહેમાનોનો વિસ્તૃત પરિચય આપવાની સાથે કાર્યક્રમની ભૂમિકા પ્રસ્તુત કરી. વક્તા શ્રી વિજયભાઈ ઠાકરે “ભારતીય પરિપ્રેક્ષ્યમાં પત્રકારત્વ” વિષય પર પોતાના વિચારોમાં ભારતીય પરંપરા અને ભાષાકીય સમૃદ્ધિને પ્રાચીન-અર્વાચીન સંદર્ભે વિગતે વાત કરી. પ્રો. શિરીષ કાશીકરે “ડૉ. બાબાસાહેબ આંબેડકરનું પત્રકારત્વ” વિશે વાત કરતાં કહ્યું કે દલિતો-પીડિતોની સમસ્યાઓને તેમણે પોતાના પત્રકારત્વમાં સમાવી લઈને લોકોમાં જાગૃતિ લાવવાનું કાર્ય કર્યું.

શ્રી નિર્ણય કપૂરે “ભાષાના વિકાસમાં પત્રકારત્વની ભૂમિકા” એ વિષય પર વક્તવ્ય આપતાં કહ્યું કે ભાષાના વિકાસમાં પત્રકારત્વનું અને પત્રકારત્વના વિકાસમાં ભાષાનું ખૂબ મહત્ત્વનું યોગદાન છે. આજના યુગમાં લાગણીઓ અને સંવેદનોનો હ્રાસ થતો જોવા મળે છે, પણ ખરેખર ભાવનાઓની અભિવ્યક્તિમાં ભાષા ખૂબ મહત્ત્વપૂર્ણ ભાગ ભજવે છે. હૈદરાબાદ યુનિવર્સિટીના પ્રો. વિનોદ પાવરાલાજીએ ગુજરાત એટલે કે ગાંધીજીની આ ધરતી પર આવવાની ખુશી વ્યક્ત કરી. તેમણે ‘કૉમ્યુનિટી રેડિયો’ વિષય પર પોતાના વિચારો વ્યક્ત કર્યા અને વિચરતી જાતિ અને પ્રાદેશિક વિસ્તારોમાં જે કૉમ્યુનિટી રેડિયોનો પ્રભાવ છે તેના પર અભ્યાસપૂર્ણ વાત કરી. ‘ગરીબોના અવાજને ઉજાગર કરવામાં કૉમ્યુનિટી રેડિયોનું ખૂબ મહત્ત્વ છે’ તેના પર વાત કરી અને ભારતમાં આવેલ અલગ અલગ રેડિયો બ્રોડકાસ્ટ વિશે રસપ્રદ વિગતો રજૂ કરી.







ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનાં કુલપતિશ્રી પ્રો. અમી ઉપાધ્યાયે અધ્યક્ષીય ઉદ્‌બોધનમાં નેશનલ એજ્યુકેશન પોલીસી 2020 (રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020)માં ભારતીય ભાષાઓને મહત્ત્વ આપવામાં આવ્યું છે તે સંદર્ભમાં વાત કરી. કૉમ્યુનિટી રેડિયો, પત્રકારત્વ, ભાષા, સાહિત્ય, મીડિયા, માસ કમ્યુનિકેશન વગેરે પર વિવિધ શોધપત્રો રજૂ થયાં એ વાતની નોંધ લઈ તેમણે ઉમેર્યું કે આજનો આ કાર્યક્રમ એક ઓરિએન્ટેશન પ્રોગ્રામ બની રહ્યો છે. ડૉ. આવાબેન શુક્લા દ્વારા આભારની લાગણી વ્યક્ત કરવામાં આવી. કાર્યક્રમનું સુચારુ સંચાલન હિન્દી વિભાગના અધ્યાપક ડૉ. આશિષ કુમાર સિંહ દ્વારા કરવામાં આવ્યું. સેમિનારના સહ સંયોજક ડૉ. રામકુ ભેડાની સક્રિયતા અનુકરણીય રહી. દ્વિતીય સત્રમાં પ્રો. યોગેન્દ્ર પારેખ અને ડૉ. દિવ્યેશ વ્યાસની અધ્યક્ષતામાં, સમાંતર બેઠકમાં વિવિધ વિષય પર શોધપત્ર રજૂ થયાં. સ્ટુડિયો, વહીવટ અને હિસાબી શાખાની પૂરક સહાય મળી.

# ‘રાષ્ટ્રના વિકાસમાં મહિલાઓની ભૂમિકા’ વિષય પર કાર્યક્રમ યોજાયો

તારીખ: 04 માર્ચ 2025

અમદાવાદ: ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU)ના ગાર્ગી - મહિલા સર્વાંગીણ વિકાસ કેન્દ્ર, મહિલા વિકાસ સેલ (WDC) અને ભારતીય શિક્ષણ મંડળ - મહિલા પ્રવૃત્તિના સંયુક્ત ઉપક્રમે તારીખ 04/03/2025ના રોજ “રાષ્ટ્રના વિકાસમાં મહિલાઓની ભૂમિકા” વિષય પર કુલપતિ પ્રો. અમી ઉપાધ્યાયની અધ્યક્ષતામાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. મુખ્ય વક્તા તરીકે ભારતીય સેનાનાં અધિકારી (નિવૃત્ત) કેપ્ટન મીરાં સિદ્ધાર્થ દવે, અતિથિ વિશેષના સ્થાને મહિલા સમન્વય અખિલ ભારતીય સહ સંયોજિકા સુશ્રી ભાગ્યશ્રી સાઠયે (શ્રી ચંદાતાઈ) અને સ્ત્રી ચેતના ગુજરાતનાં પ્રમુખ શ્રી શૈલજા અંધારેજી હાજર રહ્યાં.





મુખ્ય વક્તા ભારતીય સેનાના અધિકારી (નિવૃત્ત) કેપ્ટન મીરાં સિદ્ધાર્થ દવેજીએ ‘જય હિન્દ’ના નારા સાથે મહિલા શક્તિને સંબોધિત કરીને રાષ્ટ્રનિર્માણમાં મહિલાઓની ભૂમિકા વિશે અનુભવ સિદ્ધ ચિંતન પ્રસ્તુત કર્યું. ભારતને ભારત બનાવનાર સોળ સંસ્કારો પૈકી ગર્ભ સંસ્કાર, નામકરણ સંસ્કાર અને લગ્ન સંસ્કાર વિશે પરંપરા વૈભવથી સર્વને પરિચિત કરાવ્યા.

વિશેષ અતિથિ શ્રીમતી ભાગ્યશ્રી સાઠયે (શ્રી ચંદાતાઈ)એ નાલંદા અને તક્ષશિલા વિશ્વવિદ્યાલયના વારસાનું ગૌરવ જીવંત કર્યું. રાષ્ટ્રના વિકાસમાં સ્ત્રી અને પુરુષની સમાંતર ભૂમિકાનો અસરકારક પરિચય કરાવી આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક વિકાસની ઉદાહરણ સહિત ચર્ચા કરીને પ્રભાવક પ્રસ્તુતિ કરી. રાષ્ટ્રના વિકાસમાં વિવિધ ક્ષેત્રોમાં મહિલાઓની જવાબદારી, મહિલા સશક્તિકરણ, પર્યાવરણીય સંરક્ષણ અને સામાજિક સમરસતા જેવા મુદ્દાઓને તેમણે અભ્યાસપૂર્વક આવરી લીધા.

શ્રી શૈલજા અંધારેજીએ પ્રાસંગિક સંક્ષિપ્ત વક્તવ્યમાં સ્ત્રીને મહત્ત્વપૂર્ણ અંગ હૃદય સાથે સરખાવીને રાષ્ટ્રના વિકાસમાં મહિલાઓનાં યોગદાન વિશે માર્મિક વાત કરી. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના મહિલા ઉત્કર્ષના પ્રયાસો બદલ પ્રસન્નતા વ્યક્ત કરી. કુલપતિ શ્રી પ્રો. અમી ઉપાધ્યાયે અધ્યક્ષીય વક્તવ્યમાં મહિલાઓના અસ્તિત્વની ઉજવણી એ ખરા અર્થમાં મહિલા દિવસની ઉજવણી છે એમ ભારપૂર્વક જણાવ્યું. ભારતીયતાને સમર્પિત મહિલાઓ વિશે અભ્યાસ થવો જોઈએ એવી લાગણી તેમણે વ્યક્ત કરી. રાષ્ટ્રનિર્માણ માટે જનેતા અને સંતાન વચ્ચે સંવેદન સેતુરૂપ સંવાદનું મહત્ત્વ તેમણે વિશિષ્ટ રીતે ઉજાગર કર્યું.






પ્રસ્તુત કાર્યક્રમમાં યુનિવર્સિટીના કુલસચિવશ્રી, સર્વે નિયામકશ્રીઓ, બોર્ડમેમ્બર્સ, ગાર્ગી - મહિલા સર્વાંગીણ વિકાસ કેન્દ્રના સંયોજક પ્રો. પ્રિયાંકી વ્યાસ તેમજ તમામ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા. કાર્યક્રમનું સંચાલન સુશ્રી નેહાબેન ભટ્ટ દ્વારા કરાયું તથા ડૉ. ભાગ્યશ્રી રાજપૂત દ્વારા આભારવિધિ કરવામાં આવી. સાર્થક કાર્યક્રમનો સૌને સંતોષ અનુભવાયો.

મુખ્ય વક્તા ભારતીય સેનાના અધિકારી (નિવૃત્ત) કેપ્ટન મીરાં સિદ્ધાર્થ દવેજીએ ‘જય હિન્દ’ના નારા સાથે મહિલા શક્તિને સંબોધિત કરીને રાષ્ટ્રનિર્માણમાં મહિલાઓની ભૂમિકા વિશે અનુભવ સિદ્ધ ચિંતન પ્રસ્તુત કર્યું. ભારતને ભારત બનાવનાર સોળ સંસ્કારો પૈકી ગર્ભ સંસ્કાર, નામકરણ સંસ્કાર અને લગ્ન સંસ્કાર વિશે પરંપરા વૈભવથી સર્વને પરિચિત કરાવ્યા.

વિશેષ અતિથિ શ્રીમતી ભાગ્યશ્રી સાઠયે (શ્રી ચંદાતાઈ)એ નાલંદા અને તક્ષશિલા વિશ્વવિદ્યાલયના વારસાનું ગૌરવ જીવંત કર્યું. રાષ્ટ્રના વિકાસમાં સ્ત્રી અને પુરુષની સમાંતર ભૂમિકાનો અસરકારક પરિચય કરાવી આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક વિકાસની ઉદાહરણ સહિત ચર્ચા કરીને પ્રભાવક પ્રસ્તુતિ કરી. રાષ્ટ્રના વિકાસમાં વિવિધ ક્ષેત્રોમાં મહિલાઓની જવાબદારી, મહિલા સશક્તિકરણ, પર્યાવરણીય સંરક્ષણ અને સામાજિક સમરસતા જેવા મુદ્દાઓને તેમણે અભ્યાસપૂર્વક આવરી લીધા.

શ્રી શૈલજા અંધારેજીએ પ્રાસંગિક સંક્ષિપ્ત વક્તવ્યમાં સ્ત્રીને મહત્ત્વપૂર્ણ અંગ હૃદય સાથે સરખાવીને રાષ્ટ્રના વિકાસમાં મહિલાઓનાં યોગદાન વિશે માર્મિક વાત કરી. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના મહિલા ઉત્કર્ષના પ્રયાસો બદલ પ્રસન્નતા વ્યક્ત કરી. કુલપતિ શ્રી પ્રો. અમીબહેન ઉપાધ્યાયે અધ્યક્ષીય વક્તવ્યમાં મહિલાઓના અસ્તિત્વની ઉજવણી એ ખરા અર્થમાં મહિલા દિવસની ઉજવણી છે એમ ભારપૂર્વક જણાવ્યું. ભારતીયતાને સમર્પિત મહિલાઓ વિશે અભ્યાસ થવો જોઈએ એવી લાગણી તેમણે વ્યક્ત કરી. રાષ્ટ્રનિર્માણ માટે જનેતા અને સંતાન વચ્ચે સંવેદન સેતુરૂપ સંવાદનું મહત્ત્વ તેમણે વિશિષ્ટ રીતે ઉજાગર કર્યું.

પ્રસ્તુત કાર્યક્રમમાં યુનિવર્સિટીના કુલસચિવશ્રી, સર્વે નિયામકશ્રીઓ, બોર્ડમેમ્બર્સ, ગાર્ગી - મહિલા સર્વાંગીણ વિકાસ કેન્દ્રના સંયોજક પ્રો. પ્રિયાંકી વ્યાસ તેમજ તમામ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા. કાર્યક્રમનું સંચાલન સુશ્રી નેહાબેન ભટ્ટ દ્વારા કરાયું તથા ડૉ. ભાગ્યશ્રી રાજપૂત દ્વારા આભારવિધિ કરવામાં આવી. સાર્થક કાર્યક્રમનો સૌને સંતોષ અનુભવાયો.

# ‘માતા અહલ્યાબાઈ હોલ્કર પ્રદર્શની’નું આયોજન



તારીખ: 04 માર્ચ 2025

અમદાવાદ: ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU)ના ગાર્ગી - મહિલા સર્વાંગીણ વિકાસ કેન્દ્ર, મહિલા વિકાસ સેલ (WDC) અને ભારતીય શિક્ષણ મંડળ - મહિલા ગતિવિધિના સંયુક્ત ઉપક્રમે તારીખ 04/03/2025ના રોજ “માતા અહલ્યાબાઈ હોલ્કર પ્રદર્શની”નું આયોજન કરવામાં આવ્યું. આ પ્રદર્શનમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનાં માનનીય કુલપતિશ્રી પ્રો. અમી ઉપાધ્યાય તેમજ ભારતીય સેનાના અધિકારી (નિવૃત્ત) કેપ્ટન મીરા સિદ્ધાર્થ દવે, મહિલા સમન્વય અખિલ ભારતીય સહ સંયોજિકા સુશ્રી ભાગ્યશ્રી સાઠયે (શ્રી ચંદાતાઈ) અને સ્ત્રીચેતના ગુજરાતનાં પ્રમુખ શ્રી શૈલજા અંધારેજી હાજર રહ્યાં હતાં.

પ્રદર્શનમાં માતા અહલ્યાબાઈ હોલ્કરની જીવનયાત્રા, શાસનકૌશલ્ય અને સમાજસેવા કાર્ય પર પ્રકાશ પાડવામાં આવ્યો. પ્રદર્શનમાં માતા અહલ્યાબાઈનું સાદગીભર્યું જીવન, ન્યાયપ્રિયતા અને લોકો માટે સમર્પિત વૃત્તિનું વિશ્લેષણ કરવામાં આવ્યું. તેઓ માત્ર એક શાસક જ નહોતાં પણ જનસેવાને સમર્પિત સ્ત્રીશક્તિના પ્રતિક હતાં. તેમના શાસન દરમિયાન પ્રજાની ભલાઈ માટે અનુકૂળ નીતિઓ અમલમાં લાવવામાં આવી. પ્રદર્શનમાં વિવિધ પોસ્ટર દ્વારા માતા અહલ્યાબાઈના શાસનકાળના મહત્ત્વપૂર્ણ પ્રસંગોને દર્શાવવામાં આવ્યા, જેમાં તેમના ધર્મ-સહિષ્ણુતા, પરોપકાર અને સાહિત્ય-કલા પ્રત્યેની અભિરુચિના ઉદાહરણો રજૂ કરવામાં આવ્યાં. આ પ્રદર્શનમાં અહલ્યાબાઈ હોલ્કરના વ્યક્તિત્વ અને યોગદાનની પ્રભાવક અસર પ્રસરી રહી.





# BAOU Vice Chancellor Conferred Viswakavi Rabindranath Tagore Memorial Award



**Date: March 10, 2025**

**Kolkata/Ahmedabad: Heartiest Congratulations Prof. (Dr.) Ami Upadhyay madam, Hon'ble Vice Chancellor, BAOU for being conferred upon the Viswakavi Rabindranath Tagore Memorial Award in recognition of your contributions to Oriental Learning, Literature, Language, Art, and Culture by the Indian Institute of Oriental Heritage.**

**Receiving this prestigious award at the hands of the Honorable Governor of Tamil Nadu, Shree S. Ravi, at the 46th Annual International Conference on Oriental Heritage in Kolkata, is an immense privilege.**

**This recognition reaffirms your commitment to advancing research and development in ancient Bharatiya knowledge systems and their relevance in the modern world.**

**ional Conference on Oriental Heritage in Kolkata, is an immense privilege.**

**This recognition reaffirms your commitment to advancing research and development in ancient Bharatiya knowledge systems and their relevance in the modern world.**

(ઉપરના સમાચાર ગુજરાતીમાં)

# BAOUનાં કુલપતિ પ્રો. અમી ઉપાધ્યાયને વિશ્વકવિ રવીન્દ્રનાથ ટાગોર સ્મૃતિ પુરસ્કાર એનાયત

તારીખ: 10 માર્ચ, 2025

અમદાવાદ: ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU)નાં માનનીય કુલપતિ પ્રો. અમી ઉપાધ્યાય મેડમને Indian Institute of Oriental Heritage દ્વારા ઓરિએન્ટલ લર્નિંગ, સાહિત્ય, ભાષા, કલા અને સંસ્કૃતિમાં તેમના યોગદાનની કદરરૂપે વિશ્વકવિ રવીન્દ્રનાથ ટાગોર સ્મૃતિ પુરસ્કાર એનાયત થયો છે. કોલકાતામાં Oriental Heritage પર આયોજિત 46મા વાર્ષિક આંતરરાષ્ટ્રીય સંમેલનમાં તામિલનાડુના માનનીય રાજ્યપાલ શ્રી એસ. રવિના હસ્તે આ પ્રતિષ્ઠિત પુરસ્કાર પ્રાપ્ત કરવો, એ એક મોટું સૌભાગ્ય છે. આ સન્માન પ્રાચીન ભારતીય જ્ઞાન પ્રણાલીઓ અને આધુનિક વિશ્વમાં તેમની સુસંગતતામાં સંશોધન અને વિકાસને આગળ વધારવા માટેના કુલપતિશ્રીના પ્રયાસોની પુષ્ટિ કરે છે.

# ‘प्रवासी साहित्य’ पर प्रो. विनोद कुमार मिश्र का विशेष व्याख्यान आयोजित





दिनांक: 10 मार्च, 2025

अहमदाबाद: डॉ. बाबासाहेब आंबेडकर ओपन यूनिवर्सिटी, अहमदाबाद के स्कूल ऑफ़ ह्यूमैनिटीज़ एंड सोशल साइंसेज़ के हिंदी विभाग ने दिनांक 07 मार्च 2025 को यूनिवर्सिटी के चैतन्य स्टूडियो में प्रो. विनोद कुमार मिश्र, वरिष्ठ आचार्य हिंदी एवं संकायाध्यक्ष, साहित्य संकाय, त्रिपुरा विश्वविद्यालय, अगरतला के ‘प्रवासी साहित्य’ विषयक विशेष व्याख्यान का आयोजन किया. प्रो. विनोद कुमार मिश्र सन् 2016 से 2021 तक मॉरीशस स्थित विश्व हिन्दी सचिवालय के निदेशक भी रह चुके हैं. अतः उनके प्रवास अनुभव का लाभ लेने और विशेष रूप से विश्व हिंदी सचिवालय की गतिविधियों समझने के लिए प्रो. मिश्र के एक साक्षात्कार की भी वीडियो रिकॉर्डिंग विद्यार्थियों तक पहुँचाने के लिए की गयी.

इसके पूर्व यूनिवर्सिटी की ओर से स्कूल ऑफ़ ह्यूमैनिटीज़ एंड सोशल साइंसेज़ के निदेशक और हिंदी विभागाध्यक्ष प्रो. डॉ. योगेंद्र पारेख ने अंगवस्त्र से प्रो. मिश्र को सम्मानित करते हुए उनका हार्दिक स्वागत किया. इस अवसर पर हिंदी विभाग तथा अन्य विभागों के भी प्राध्यापकगण उपस्थित रहे. हिंदी विभाग के प्राध्यापकों के साथ साहित्यिक चर्चा करते हुए प्रो. मिश्र ने युवा प्राध्यापकों द्वारा उत्सुकतापूर्वक पूछे गए हर प्रश्न का सटीक उत्तर देकर उनके ज्ञान में अभिवृद्धि की.

## BAOU and बृहत् | Brhat Announce Exciting Partnership




**Date: March 12, 2025**

**Ahmedabad: Exciting Partnership Announcement!**

**We are delighted to announce our collaboration with बृहत् | Brhat, a pioneering culture engine dedicated to visual and literary storytelling, design thinking, and research in education and ecology.**

**Through this partnership, Dr. Babasaheb Ambedkar Open University and Brhat will offer a range of Indian Knowledge Systems (IKS)-related workshops, sessions, and courses, enriching the academic landscape with deeper cultural and ecological insights.**

**Stay tuned for updates on upcoming programs and opportunities to explore the vast wisdom of IKS!**

> **India has always been a nation of peace and harmony. In our three thousand years of history, people from all over the world have come and invaded us, yet we have not conquered anyone. We respect the freedom of others and that is our true strength.**
>
> **-Dr. A. P. J. Abdul Kalam**

# BAOUની વિદ્યાર્થિની મુખર્જી ઈપ્શીતાએ National Youth Festivalમાં રાષ્ટ્રીય કક્ષાએ ટોપ 4માં સ્થાન મેળવી યુનિવર્સિટીનું ગૌરવ વધાર્યું





Certificate of Leadership

This certificate has been awarded to

Eepshitaa Mukherjee

for your remarkable leadership and path breaking ideas presented at the *Viksit Bharat Young Leaders Dialogue* at Bharat Mandapam, Delhi, 10th to 12th January 2025. *Continue to lead with innovation as we traverse this journey towards Viksit Bharat together.*

Dr. Mansukh Mandaviya

તારીખ: 12 માર્ચ 2025

અમદાવાદ: ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની વિદ્યાર્થિની મુખર્જી ઈપ્શીતાએ National Youth Festival and Viksit Bharat Young Leaders Dialogue 2025માં ભાગ લઈને 10થી 12 જાન્યુઆરી 2025 દરમિયાન ભારત મંડપમ્, દિલ્હી ખાતે ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યું. તેમણે "Technology for viksit Bharat" વિષય પર રાજ્ય કક્ષાએ ગાંધીનગર ખાતે વક્તવ્ય આપ્યું હતું, જેમાં તેમણે ગુજરાત રાજ્ય કક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. રાષ્ટ્રીય કક્ષાએ જાન્યુઆરી 2025 દરમિયાન ભારત મંડપમ્, દિલ્હી ખાતે ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યું હતું, જેમાં "Technology for viksit Bharat" વક્તવ્યમાં ટોપ 4માં સ્થાન મેળવ્યું હતું. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી પરિવાર મુખર્જી ઈપ્શીતાને હાર્દિક અભિનંદન પાઠવે છે.

# BAOUની વિદ્યાર્થિની રાજવી કડિયાએ રાષ્ટ્રીય યુવા મહોત્સવ અને SOUL Leadership Conclaveમાં ગુજરાતનું ગૌરવ વધાર્યું

તારીખ: 15 માર્ચ 2025

અમદાવાદ: ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં અભ્યાસ કરતી અને દાહોદ જિલ્લાની રાષ્ટ્રીય યુવા વક્તા કુમારી રાજવી વિજયકુમાર કડિયાએ રાષ્ટ્રીય યુવા મહોત્સવ 2025 અને SOUL Leadership Conclave 2025 (ગ્લોબલ લીડરશીપ કોન્ક્લેવ)માં ગુજરાતનું અને સમગ્ર ભારતનું ગૌરવ વધાર્યું. 11-12 જાન્યુઆરી, 2025 દરમિયાન નવી દિલ્હીના ભારત મંડપમ્ ખાતે યોજાયેલા 'વિકસિત ભારત યંગ લીડર્સ ડાયલોગ'માં રાજવી કડિયાએ 'એન્કર' તરીકે તથા ડિક્લેમેશન સ્પર્ધામાં ગુજરાતમાં ટોચના 2 સર્વશ્રેષ્ઠ વક્તાઓમાં સ્થાન પ્રાપ્ત કર્યા બાદ રાષ્ટ્રીય મંચ પર ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યું.







સમગ્ર ભારતમાંથી 800થી વધુ વક્તાઓમાંથી શ્રેષ્ઠ 20માં સ્થાન મેળવવા સાથે, રાજવીએ PM શ્રી નરેન્દ્ર મોદી, મંત્રીઓ અને દેશના ટોચના નિષ્ણાતોની ઉપસ્થિતિમાં યુવાનોના વિચારોને પ્રસ્તુત કર્યા.

આ ઐતિહાસિક કૉન્ક્લેવમાં PM શ્રી નરેન્દ્ર મોદી, ભૂટાનના PM દાશો શેરિંગ તોબગે, ઉદ્યોગપતિ સુનીલ ભારતી મિત્તલ, ગ્રાન્ડમાસ્ટર ડી. ગુકેશ અને અન્ય ટોચના વિશિષ્ટ વ્યક્તિત્વોએ ભાગ લીધો. વિશેષત્વે, રાજવી કડિયાને 'Viksit Bharat Young Leaders Dialogue'ની એમ્બેસેડર તરીકે પસંદ કરવામાં આવ્યાં છે, જ્યાં તેઓ વિશ્વસ્તરે મહિલા સશક્તિકરણ અને વિકાસ માટે 24 રાઉન્ડ ટેબલ નીતિ ચર્ચાઓમાં યોગદાન આપશે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના તમામ વિદ્યાર્થીઓ માટે તેમની સફર એક પ્રેરણારૂપ બની રહેશે અને ભવિષ્યમાં વધુ વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય મંચ પર ચમકે તે માટે પ્રેરણા પુરવાર થશે.



Viksit Bharat Young Leaders Dialogue National Youth Festival 2025

Certificate of Leadership

This certificate has been awarded to

Kadiya Rajvi Vijaybhai

for your remarkable participation at the
*Viksit Bharat Young Leaders Dialogue*
at Bharat Mandapam, Delhi, 10th to 12th January 2025.
*Continue to lead with innovation as we traverse this journey towards Viksit Bharat together.*

Dr. Mansukh Mandaviya
Union Minister of
Youth Affairs and Sports

# ‘Indian Knowledge System for ELEVATING LEARNING’ પર રાષ્ટ્રીય સેમિનાર યોજાયો

તારીખ: 11 માર્ચ 2025

અમદાવાદ: ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના શિક્ષણ શાસ્ત્ર વિભાગ દ્વારા યુનિવર્સિટીનાં માનનીય કુલગુરુ પ્રો. અમી ઉપાધ્યાયની અધ્યક્ષતામાં અને માર્ગદર્શન હેઠળ એક દિવસીય રાષ્ટ્રીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

તા. 11/03/2025ના રોજ યુનિવર્સિટીમાં શિક્ષણ વિદ્યાશાખા, ભારતીય શિક્ષણ મંડળ અને ગ્લોબલ એજ્યુકેશન રીસર્ચ એસોસીએશન દ્વારા "Indian Knowledge System for ELEVATING LEARNING (ઉર્ધ્વગામી શિક્ષણ)" વિષય પર એક દિવસીય રાષ્ટ્રીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં મુખ્ય મહેમાન તરીકે NCTEના ચેરમેન પ્રો. પંકજ અરોરાજી, ઉચ્ચ શિક્ષણ વિભાગ હરિયાણાના OSD પ્રો. રાજેન્દ્રકુમાર અનાયત જી, પ્રો. રાણા પુરુષોત્તમ કુમાર સિંહજી, શ્રી રાઘવ ક્રિષ્ણાજી, કુલસચિવશ્રી, તમામ વિદ્યાશાખાના નિયામકશ્રીઓ, અધ્યાપકો, વિષય નિષ્ણાતો, સંશોધકો અને વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. આ સેમિનારમાં કુલ 11 થીમ ઉપર 82 સંશોધકોએ શોધપત્ર રજૂ કર્યાં હતાં.

આ પ્રસંગે એ ચર્ચા થઈ કે ભારતીય જ્ઞાનપરંપરા ઘણી સમૃદ્ધ અને વિશાળ છે, તેનું સિંચન ભારતીય ઋષિ મુનિઓએ કર્યું છે, ગુરુ, શિક્ષક કલાકારો અને દેશના પ્રબુદ્ધજનોએ તેને આગળ ધપાવી છે. હવે આપણી સૌની સહિયારી જવાબદારી છે કે આપણે આપણી પરંપરાનું રક્ષણ અને સંવર્ધન કરીએ. શિક્ષણશાસ્ત્ર વિભાગ દ્વારા આયોજિત આ સેમિનાર સફળ રીતે સંપન્ન થયો હતો.






## Paper on `Poetry and Indian Poetics in Kathak' Presented at Asia's Largest Literature Festival

**Date: March 12, 2025**

**Ahmedabad/New Delhi: An enriching experience at Asia's Largest Literature Festival, where I had the privilege of presenting my paper, "Verse in Motion: The Interplay of Poetry and Indian Poetics in Kathak", in the Eighth Session – "Indian Poetry: Inspiration Unbound" at Krishna Sabhagar on March 12, 2025.**

**Exploring the synergy between poetry and Kathak within the aesthetic frameworks of Rasa, Bhava, and Abhinaya was truly fulfilling. The discussion delved into how poetic traditions—Avadhi, Braj, and Urdu—have shaped the evolution of Kathak across different gharanas (Lucknow, Jaipur, Banaras), making it a living embodiment of literary and cultural heritage. The role of kavitand thumri, in Kathak's narrative and performative structure was a key focus, highlighting poetry as not just an accompaniment but an integral force in this classical dance form. It was pleasure touch upon Gatbhav, Gatnikas, Chaturang, rich bandish like that of tarana, primallu, parans also as extended sahitya.**

**The vibrant intellectual exchange, engaging conversations, and the sheer passion for literature and the arts made this event an unforgettable experience. Interacting with scholars, artists, and literature enthusiasts reaffirmed the enduring power of Indian poetics and its deep-rooted connections to performance traditions.**





Thankful to Sahitya Akademi for providing such a remarkable platform and to everyone who attended, contributed, and shared their insights. I really wish that in future more artists come forward for more creative shitya development for Kathak too and in my address also as I ended with, that Sahitya Akadami should develop a corner or a vertical where such literature would also be recognised and appreciated. Will not fail to say that I cherished the address by the Chair of our session, Former President, Sahitya Akadami and Padmashri awardee Vishwanath Prasad Tiwari ji.

Looking forward to many more such opportunities to celebrate and explore the richness of Indian literary traditions. Sharing some glimpses from the event!



# 50મા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની હર્ષોલ્લાસ સાથે ઉજવણી

**તારીખ: 16 માર્ચ 2025**

**અમદાવાદ:** ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના સમર્થ અને સંવેદનશીલ કુલગુરુ માનનીય પ્રો. અમી ઉપાધ્યાયની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ યુનિવર્સિટી ખાતે યુનિવર્સિટીના ગાર્ગી મહિલા સર્વાંગીણ વિકાસ કેન્દ્ર, એક્સ્ટેન્શન એક્ટિવિટી અને સ્ટુડન્ટ ડેવલપમેન્ટ સેલના સંયુક્ત ઉપક્રમે 50મા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનાં મહિલા કર્મચારીઓ અને સફાઈ કર્મચારી બહેનો સૌએ સાથે મળીને સાર્થક ઉજવણીના ભાગરૂપે પોતાના મનની વાત કોઈપણ જાતના સંકોચ વગર પ્રસ્તુત કરી.

માનનીય કુલગુરુશ્રીએ મહિલાઓને જાગૃત રહીને સ્વપ્ન સાકાર કરવા પોતાની રોજિંદી જવાબદારીઓ સાથે સક્રિય રહેવા અનુરોધ કરતાં કહ્યું કે, બધું કરો પણ તમારા સ્વપ્નને સાકાર કરવા પણ પ્રતિબદ્ધતા કેળવો. વધુમાં તેમણે નારી સન્માન અને મહિલા સુરક્ષા સંદર્ભે સરકારશ્રી દ્વારા લેવાતાં પગલાંઓ અને સરકારશ્રીની પહેલો અંગે જાણકારી અને માર્ગદર્શન આપ્યું. મહિલાઓ સંકલ્પબદ્ધ થઈને યોગ્ય દિશામાં પ્રવૃત્ત થાય એ બાબતની આશા વ્યક્ત કરી હતી.



# ગુજરાત સાંસ્કૃતિક વક્તૃત્વ સ્પર્ધામાં BAOUની રાજવી કડિયા ઝોનલ કક્ષાએ પ્રથમ મેળવી યુનિવર્સિટીનું ગૌરવ વધાર્યું




**તારીખ: 18 માર્ચ 2025**

**અમદાવાદ:** ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનું ગૌરવ વધારતાં, યુનિવર્સિટીના પ્રાદેશિક કેન્દ્ર ગોધરા, દાહોદ અભ્યાસકેન્દ્રની વિદ્યાર્થિની કડિયા રાજવી વિજય કુમારે ગુજરાત સાંસ્કૃતિક વક્તૃત્વ સ્પર્ધામાં ઝોનલ કક્ષાએ પ્રથમ નંબર મેળવ્યો છે. આ સિદ્ધિ બદલ તેમને રૂપિયા 11,000નું ઈનામ આપવામાં આવ્યું. રાજવી કડિયાએ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરની સ્પર્ધાઓમાં પૂર્વે પણ યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કરીને સફળતા મેળવી છે.

# પ્રાદેશિક કેન્દ્ર અમદાવાદ ખાતે 50મા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ભવ્ય ઉજવણી

**તારીખ: 19 માર્ચ 2025**

**અમદાવાદ: 50મા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના અવસરે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના પ્રાદેશિક કેન્દ્ર અમદાવાદમાં એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ કુલપતિશ્રી પ્રો. અમી ઉપાધ્યાયના નેતૃત્વ હેઠળ અને ડૉ. નિશા જોશી (નિયામકશ્રી સ્ટુડેન્ટ ડેવલોપમેન્ટ)ના માર્ગદર્શનથી આયોજિત કરવામાં આવેલ હતો.**

**આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે પ્રો. પ્રિયાંકી વ્યાસ, બોર્ડ ઓફ મેનેજમેન્ટ સભ્યશ્રી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અને ડૉ. અર્ચના મિશ્રા, આસિસ્ટન્ટ પ્રોફેસર, હિન્દી વિભાગ, દ્વારા માર્ગદર્શન આપવામાં આવેલ હતું. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં છાત્રાઓએ ભાગ લીધો અને ઉત્સાહ સાથે આ દિવસને ઉજવ્યો.**

**કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવી, ત્યારબાદ મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું. પ્રો. પ્રિયાંકી વ્યાસે તેમના સંબોધનમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે સ્ત્રીસશક્તિકરણની વાત કરી. હાજર રહેલ સ્ત્રીઓને તેમના જીવનથી પ્રેરિત કરવામાં આવ્યા હતા. સૌ સ્ત્રીઓ હિંમતવાન બને, સાહસિક બને અને પોતાના જીવનમાં આગળ વધે અને પોતાનું જીવન ખુમારી ભર્યું જીવે તેવી પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. તદુપરાંત તેમણે જણાવ્યું કે સમાજમાં મહિલાઓનું સન્માન કરવું અત્યંત જરૂરી છે, મહિલાઓના સન્માનની પહેલ તેમના પોતાના ઘરેથી થવી જોઈએ. તેમના શબ્દોએ સૌને પ્રેરણા આપી. કાર્યક્રમમાં હાજર છાત્રાઓએ પણ તેમના પોતાના અનુભવોને શેર કર્યા અને સમાજમાં મહિલાઓ પ્રત્યેની વિચારધારામાં ફેરફાર લાવવાની આવશ્યકતા પર ભાર મૂક્યો. અંતે, ડૉ. અર્ચના મિશ્રાએ તમામ છાત્રાઓ અને હાજર લોકોને 50મા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની શુભકામનાઓ આપી. કાર્યક્રમનું સંચાલન ડૉ. મોનિકા ગુપ્તાએ કર્યું, આ કાર્યક્રમએ મહિલાઓની શક્તિ, પ્રેરણા અને સમાજમાં તેમના યોગદાનને વધુ સ્પષ્ટ રૂપે પ્રગટ કર્યું.**





# વિશ્વ ચકલી દિવસ: ‘હેલ્લો BAOU’ રેડિયો દ્વારા ડૉ. અનિકેત પટેલે પર્યાવરણ સંતુલનમાં ચકલીનું મહત્ત્વ સમજાવ્યું

તારીખ: 20 માર્ચ 2025

અમદાવાદ: ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનાં માનનીય કુલપતિશ્રી પ્રો. અમી ઉપાધ્યાય શિક્ષણની સાથે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહે છે. તેમના માર્ગદર્શન અને પ્રેરણાથી કૉમ્યુનિટી રેડિયો ‘Hello BAOU’-90.0 FM દ્વારા તા. 20/03/2025ના રોજ વિશ્વ ચકલી દિવસના ઉપલક્ષ્યમાં Geer Foundation ખાતે મુલાકાત કરવામાં આવી.

Geer Foundationના ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન ખાતે વેટરનરી ઑફિસર તરીકે કાર્યરત ડૉ. અનિકેત પટેલ સાથે સંવાદ કરતાં તેમણે વિશ્વ ચકલી દિવસને અનુલક્ષીને ઘણી માહિતી આપી. તેમણે જણાવ્યું કે પર્યાવરણ સંતુલનમાં ચકલીનું ખૂબ મહત્ત્વનું યોગદાન હોઈ તેનું સંરક્ષણ અને સંવર્ધન ખૂબ જરૂરી બની રહે છે.




આ ઉપરાંત તેમણે એમ પણ જણાવ્યું કે જો આવનારી પેઢીને ચકલી નામનું આ નાનું પક્ષી બતાવવું હશે, તો લુપ્ત થઈ રહેલી ચકલીની પ્રજાતિને બચાવવા જનસામાન્યની પણ જવાબદારી બને છે. તેને માટે તેમણે ચકલીના માળા બનાવવા પર અને વૃક્ષ વાવેતર દ્વારા ચકલીને પોતાનો માળો બનાવવા કુદરતી સ્થાન ઉપલબ્ધ કરાવવા પર વિશેષ ભાર મૂક્યો. ‘Hello BAOU’ - 90.0 FM કૉમ્યુનિટી રેડિયો દ્વારા આ પ્રકારના કાર્યક્રમોનું ધ્વનિમુદ્રણ આસપાસના સમુદાય માટે ઉપયોગી બની રહેશે.

# જન્મભૂમિ ગ્રૂપના હાયર એજ્યુકેશન એક્સપોમાં BAOUનો સક્રિય સહભાગ







તારીખ: 27 માર્ચ 2025

ગાંધીધામ, કચ્છ: જન્મભૂમિ ગ્રૂપ ઓફ સમાચારપત્ર અને કચ્છમિત્ર ભુજ દ્વારા તા. 21થી 23 માર્ચ, 2025 દરમિયાન ગાંધીધામ, કચ્છ ખાતે આયોજિત હાયર એજ્યુકેશન એક્સપોમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી પણ સહભાગી થઈ હતી.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના સ્ટોલની ત્રણ દિવસ દરમિયાન 5000થી વધુ વિદ્યાર્થીઓ, વાલીશ્રીઓ, શિક્ષકો તથા અન્ય મુલાકાતીઓએ મુલાકાત લીધી હતી. યુનિવર્સિટીના પ્રાધ્યાપકો અને કર્મચારીઓએ યુનિવર્સિટીમાં ચાલતાં સ્નાતક, અનુસ્નાતક, તેમજ ડિપ્લોમા અને સર્ટિફિકેટ કોર્સ વિશે વિગતવાર માહિતી પૂરી પાડી હતી. આ સ્ટોલની મુલાકાત લેનારાઓમાં કચ્છના સાંસદ શ્રી વિનોદભાઈ ચાવડા અને MLA શ્રી માલતીબેન મહેશ્વરીનો પણ સમાવેશ થાય છે. પ્રાદેશિક કેન્દ્ર ભુજના રિજનલ ડાયરેક્ટર અને આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. ધનરાજભાઈ ગઢવીએ દરેક વ્યવસ્થાની જહેમત ઉઠાવી હતી. આસિસ્ટન્ટ રિજનલ ડાયરેક્ટર શિવાની ઉમરાણીયા અને ડૉ. રિષિભાઈ જોષીએ એક્સપોમાં હાજર રહીને ફરજ બજાવેલ હતી. આ સાથે પ્રાદેશિક કેન્દ્ર ભુજના વિદ્યાર્થીઓ માધવીબેન ગણાત્રા અને વિધિબેન ઠક્કર સ્ટુડન્ટ રિપ્રેઝન્ટેટિવ તરીકે ઉપસ્થિત રહી મુલાકાતીઓને માહિતી પૂરી પાડી હતી.



# વિશ્વ રંગભૂમિ દિવસ નિમિત્તે મધુરાય લિખિત ‘અશ્વત્થામા’ નાટકની પ્રસ્તુતિ

તારીખ: 28 માર્ચ 2025

અમદાવાદ: ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી વૈશ્વિક સંસ્કૃતિના તમામ મહત્ત્વપૂર્ણ દિવસોની ઉજવણી વિશેષ રીતે કરે છે. ત્યારે વિશ્વ રંગભૂમિ દિવસના અનુસંધાને યુનિવર્સિટીના કશ્યપ ઓડિટોરિયમમાં માનનીય કુલપતિ શ્રી પ્રો. અમી ઉપાધ્યાયના માર્ગદર્શન હેઠળ `રંગોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું. આ ‘રંગોત્સવ’માં પર્ફોર્મિંગ આર્ટ્સ વિભાગ દ્વારા શ્રી મધુરાય લિખિત આધુનિક નાટક ‘અશ્વત્થામા’ની પ્રસ્તુત કરવામાં આવી. પર્ફોર્મિંગ આર્ટ્સના આસિસ્ટન્ટ પ્રોફેસર દિગીશ એચ. વ્યાસે તેનું દિગ્દર્શક કર્યું અને મુખ્ય પાત્ર ભજવ્યું હતું. સમગ્ર વાતાવરણની જમાવટ માટે યુનિવર્સિટીના અન્ય કર્મચારીઓએ વિવિધ પાત્રોની ભૂમિકા ભજવી હતી, જેમાં ગુરુ દ્રોણાચાર્યનું પાત્ર વિજય ભદ્રોરીયાજીએ, કુલગુરુ કૃપાચાર્યનું પાત્ર ડૉ. વિક્રમ ઉપાધ્યાયે, કૃતવર્માનું પાત્ર શુભમ તિવારીએ અને દુર્યોધનનું પાત્ર ડૉ. આશિષસિંહે ભજવ્યું હતું.

સુંદર સંગીત અને પ્રકાશ આયોજન નાટકને વધુ પ્રભાવિત બનાવ્યું હતું, જેમાં ભાવિન દવે અને બિપીનભાઈ પટેલનું સુંદર યોગદાન રહ્યું હતું. તો નાટકના રેકોર્ડિંગમાં વિવિધ પાત્રના અવાજ યુનિવર્સિટીના પ્રાધ્યાપકો અને કર્મચારીઓ દ્વારા આપવામાં આવ્યા હતા, જેમાં શ્રી કૃષ્ણ અને દુર્યોધનના અવાજ પ્રાધ્યાપક હરીશભાઈ વ્યાસે, કૃતવર્મા અને કૃપાચાર્યના અવાજ ડૉ. નિગમ પંડ્યાએ, ગુરુ દ્રોણના અવાજ પ્રોફેસર ડૉ. યોગેન્દ્ર પારેખે અને અશ્વત્થામાના અવાજ આસિસ્ટન્ટ પ્રોફેસર દિગીશ વ્યાસે આપ્યા હતા. દ્રૌપદી અને ઉત્તરાનો અવાજ નેહાબેન ભટ્ટે આપ્યો હતો.






રંગોત્સવ કાર્યક્રમમાં ગુજરાતી વિભાગનાં અધ્યાપક ડૉ. નીતુ કનારાએ સ્વરચિત કાવ્યની ધારદાર રજૂઆત કરી હતી અને દીકરી વિદાયનો પ્રસંગ લાગણી સભર રજૂ કરી સૌની આંખો ભીની કરાવી હતી અને એક મિમિક્રી કરી સૌને ખૂબ હસાવ્યા હતા. આ ઉપરાંત યુનિવર્સિટીના મેહુલ મકવાણા અને અધ્યાપક ડૉ. કરણસિંહ પરમારે પણ સુંદર રજૂઆત કરી હતી. આ ઉપરાંત યુનિવર્સિટીના કર્મચારીઓ દ્વારા નાટક, કાવ્યપઠન, મિમિક્રી જેવી વિવિધ પ્રવૃત્તિઓ કરીને વિશ્વ રંગભૂમિની ઉજવણી કરવામાં આવી હતી.



# BAOU અને ICSSR દ્વારા 'સ્ટાર્ટઅપ અને ઈનોવેશન સાથે ઉદ્યોગસાહસિકોને સશક્ત બનાવવા' પર રાષ્ટ્રીય સેમિનાર

**તારીખ: 30 માર્ચ 2025**

**અમદાવાદ:** ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ ખાતે માનનીય કુલપતિશ્રી પ્રો. અમી ઉપાધ્યાયના માર્ગદર્શન હેઠળ સ્કૂલ ઓફ કૉમર્સ એન્ડ મેનેજમેન્ટ, BAOU અને ICSSR (ઈન્ડિયન કાઉન્સિલ ઓફ સોશિયલ સાયન્સ રીસર્ચ), ન્યૂ દિલ્હીના સંયુક્ત ઉપક્રમે એક દિવસીય રાષ્ટ્રીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સેમિનારનો વિષય 'Empowering Tomorrow's Entrepreneurs Via Startup and Innovation with Indian Values' હતો. ઉદ્ઘાટન સત્રમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનાં માનનીય કુલપતિશ્રી પ્રો. અમી ઉપાધ્યાય તેમજ ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટીના પૂર્વ કુલપતિશ્રી પ્રો. નાગેશ્વર રાવ મુખ્ય અતિથિ તરીકે અને પ્રખ્યાત બિઝનેસ અને ટૅક્નૉલૉજી લીડર, ડિજિટલ ટ્રાન્સફોર્મેશન એક્સપર્ટ ડૉ. ઋષિ મોહન ભટનાગર વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. સેમિનારના સંયોજક પ્રો. ડૉ. મનોજ શાહ પણ ઉદ્ઘાટન સત્રમાં હાજર હતા.

પ્લેનરી સેશનમાં સંતોષ ઝોકરકર, સી.એ. નીતિન પારેખ, શ્રી હેમ સોપારકર, સી.એ. ઉદય રાણપરા, અને ડૉ. વર્ષાએ વર્તમાન વાણિજ્ય પ્રવાહો, કારકિર્દી નિર્માણમાં પોતાના સંઘર્ષો અને આજના ઉદ્યોગસાહસિકો માટેની પ્રેરણારૂપ ચર્ચા કરી હતી. કાર્યક્રમના અંતે ડૉ. ધવલ પંડ્યાએ આભારવિધિ કરી હતી. સંપૂર્ણ દિવસ દરમિયાન ઉદ્યોગ નિષ્ણાતો, ઉદ્યોગસાહસિકો, રોકાણકારો, નીતિ-નિર્માતાઓ, શિક્ષણવિદો અને વિદ્યાર્થીઓ એકસાથે જોડાયા હતા. તેમણે ભારતીય પરંપરાગત મૂલ્યો, જેમ કે સર્વસમાવેશી અભિગમ, ટકાઉપણું, સ્થિતિસ્થાપકતા અને નૈતિક અખંડિતતા, ઉદ્યોગસાહસિક સાહસોને કેવી રીતે આગળ વધારી શકે તે બાબતે ચર્ચા કરી હતી. આ સેમિનારમાં 105 જેટલાં સંશોધનપત્રો રજૂ કરવામાં આવ્યાં હતાં.











YouTube

facebook

Instagram

Linkedin

(Twitter)







**Published By:**

**Dr. Babasaheb Ambedkar Open University**

'Jyotirmay' Parisar,

Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad - 382 481.

**Editor : Prof. Yogendra Parekh**

**Design by: Chaitanya Studio, BAOU.**